સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK **41** (09/10/22 to 15/10/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)














JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**09 OCT-2022**


- દિવસ મહિમા : 09 ઓક્ટોબર, વિશ્વ ટપાલ દિવસ, પ્રાદેશિક સેના દિવસ ........ 02
- નોબેલ પુરસ્કાર 2022 વિજેતાઓની જાહેરાત ........ 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 5G સેવાઓ શરૂ કરી ........ 09
- QUESTION ANSWERS ........ 14


**10 OCT-2022**


- દિવસ મહિમા : 10 ઓક્ટોબર, વિશ્વ ટપાલ દિવસ, વિશ્વ માનસિક સ્વસ્થ્ય દિવસ ........ 16
- ઓપ્ટિમસ : ટેસ્લાએ હ્યુમનોઇડ રોબટ રજૂ કર્યો ........ 16
- પ્રસ્તાવિત ડિજિટલ રૂપિયો (Proposed Digital Rupee) ........ 17
- QUESTION ANSWERS ........ 19


**11 OCT-2022**


- દિવસ મહિમા : 11 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અથવા International Day of the Girl Child ........ 20
- ભારત વિશ્વનો સૌથી મોટો ખાંડ ઉત્પાદક અને વિશ્વનો બીજો સૌથી મોટો નિકાસકાર દેશ બન્યો ........ 20
- સમાજવાદી પાર્ટીના સ્થાપક શ્રી મુલાયમસિંહ યાદવનું નિધન ........ 21
- QUESTION ANSWERS ........ 22


**12 OCT-2022**


- દિવસ મહિમા : 12 ઓક્ટોબર, વિશ્વ સંધિવા દિવસ ........ 23
- ગુજરાતનું મોઢેરા ભારતનું પ્રથમ 24*7 સૌર ઊર્જાથી ચાલતું ગામ બન્યુ ........ 23
- શ્રી મહાકાલ લોક કોરિડોર (Mahakal Lok Corridor) ........ 24
- QUESTION ANSWERS ........ 27


**13 OCT-2022**


- દિવસ મહિમા : 13 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reducation) ........ 28
- વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક : IMF ........ 28
- બીજી વિશ્વ ભૂ-સ્થાનિક સૂચના કોંગ્રેસ ........ 29
- QUESTION ANSWERS ........ 30


**14 OCT-2022**


- દિવસ મહિમા : 14 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ઇ-વેસ્ટ દિવસ, વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ ........ 31
- પૂર્વોત્તર-ક્ષેત્ર માટે વડાપ્રધાનની વિકાસ પહેલ (PM-Devine) ........ 31
- બેટી બચાવો બેટી પઢાઓ યોજનામાં સુધારો ........ 32
- Living Planet Report 2022 ........ 33
- QUESTION ANSWERS ........ 35


**15 OCT-2022**


- 15 ઓક્ટોબર, વિશ્વ વિદ્યાર્થી દિવસ, આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ,ગ્લોબલ હેન્ડવોશિંગ ડે ........ 36
- ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં પસાર થયેલા બિલ ........ 37
- સાયબર સિક્યોરિટી એક્સરસાઈઝ PowerEx - 2022 યોજાઈ ........ 39
- QUESTION ANSWERS ........ 41

ONE LINER ........ 42

QUESTION OF THIS WEEK ........ 48


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 09 ઓક્ટોબર, (1) વિશ્વ ટપાલ દિવસ (World Post Day)
## (2) પ્રાદેશિક સેના દિવસ (Teritorial Army Day)

## નોબેલ પુરસ્કાર 2022 વિજેતાઓની જાહેરાત

તાજેતરમાં વર્ષ 2022 માટે નોબેલ પુરસ્કાર વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

### નોબેલ પુરસ્કાર વિજેતા - 2022

| ક્રમ | પુરસ્કાર | વિજેતા |
|---|---|---|
| 1 | ભૌતિકશાસ્ત્ર (Physics) | – શ્રી એલેન એસ્પેક્ટ<br>– શ્રી જ્હોન એફ. ક્લોઝર<br>– શ્રી એન્ટોન ઝીલિંગર |
| 2 | રસાયણશાસ્ત્ર (Chemistry) | – શ્રી કે.બૅરી શાર્પલેસ<br>– શ્રી મોર્ટન મેલ્ડલ<br>– સુશ્રી કેરોલિન આર. બર્ટોઝી |
| 3 | ચિકિત્સા–શરીર વિજ્ઞાન (Medicine- Physiology) | – શ્રી સ્વાંતે પાબો |
| 4 | સાહિત્ય (Literature) | – સુશ્રી એની એર્નોક્સ |
| 5 | શાંતિ (Peace) | – શ્રી એલેસ બિયાલિયાત્સકી<br>– મેમોરિયલ (રશિયન માનવ અધિકાર સંસ્થા)<br>– સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝ (યુક્રેનિયન માનવ અધિકાર સંસ્થા) |
| 6 | અર્થશાસ્ત્ર (Economic Science) | – શ્રી ડગ્લાસ ડાયમંડ<br>– શ્રી બેન એસ. બર્નાન્કે<br>– શ્રી ફિલિપ એચ. ડાયબવિગ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ષ 2022માં કયો નોબેલ પુરસ્કાર કોને ? શા માટે એનાયત થયો છે ?

### ભૌતિકશાસ્ત્ર

વર્ષ 2022 માટે ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર શ્રી જ્હોન એફ. ક્લોઝર, શ્રી એલેન એસ્પેક્ટ અને શ્રી એન્ટોન ઝીલિંગરને 'ક્વોન્ટમ મિકેનિક્સ'માં તેમના કાર્ય માટે એનાયત કરવામાં આવ્યો હતો.

- વિજેતાઓને 'ક્વોન્ટમ એન્ટેંગલમેન્ટ'ની સાથેના પ્રયોગો, બેલ અસમાનતાના ઉલ્લંઘન અને અગ્રણી ક્વોન્ટમ માહિતી વિજ્ઞાન સાથેના તેમના પ્રયોગો માટે સન્માનિત કરવામાં આવ્યા છે.

- શ્રી જ્હોન એફ. ક્લોઝરે જ્હોન બેલના વિચારો વિકસાવ્યા હતા, જે એક વ્યવહારુ પ્રયોગ તરફ દોરી જાય છે. જે બેલની અસમાનતાનું ઉલ્લંઘન કરીને ક્વોન્ટમ મિકેનિક્સને પણ સમર્થન આપે છે.
- આનો અર્થ એ છે કે ક્વોન્ટમ મિકેનિક્સ એક સિદ્ધાંત દ્વારા બદલી શકાતુ નથી જે છુપાયેલા ચલોનો ઉપયોગ કરે છે.



- શ્રી એલન એસ્પક્ટે આ સેટઅપનો વિકાસ કર્યો, તેનો ઉપયોગ કરીને નોંધપાત્ર ખામી દૂર કરી.
- ફસાઈ ગયેલી જોડીઓ તેનો સ્ત્રોત છોડ્યા પછી તે માપન સેટિંગ્સને સ્વિચ કરવા સક્ષમ હતો, તેથી ઉત્સર્જક પરની સેટિંગ પરિણામને અસર કરી શકતી ન હતી (કારણ કે જ્હોન ક્લોઝરના પ્રયોગ પછી તેમાં કેટલીક ખામીઓ હતી.)
- શ્રી એન્ટોન ઝીલિંગરને સંશોધન અને ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી જેવા કાર્યક્રમો બંનેમાં એન્ટેંગલમેન્ટ અને બેલ જોડી (બેલ યુગ્મો)ના તેમના નવીન ઉપયોગ માટે પસંદ કરવામાં આવ્યા હતા.
- તેમના સંશોધન જૂથે ક્વોન્ટમ ટેલિપોર્ટેશન નામની ઘટનાનું પ્રદર્શન કર્યુ હતું જે ક્વોન્ટમ સ્થિતિને કણમાંથી દૂર સુધી સ્થાનાંતરિત કરવાનું શક્ય બનાવે છે.
- આ પ્રયોગોએ દર્શાવ્યુ છે કે ગૂંચવડો વાસ્તવિક છે અને તેને ક્વોન્ટમ થિયરી દ્વારા સમર્થન આપી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી એલેન એસ્પેક્ટનો જન્મ 15 જૂન, 1947ના રોજ ફ્રાન્સના એજેન ખાતે થયો હતો. તેઓ એક ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી છે. જે ક્વોન્ટમ એન્ટેંગલમેન્ટ પરના તેમના કાર્ય માટે જાણિતા છે.

(2) શ્રી જ્હોન ક્લોઝરનો જન્મ અમેરિકામાં કેલિફોર્નિયાના પાસાડેનામાં થયો હતો. તેઓ એક અમેરિકન સૈદ્ધાંતિક અને પ્રાયોગિક ભૌતિકશાસ્ત્રી છે. જે ક્વોન્ટમ મિકેનિક્સના પાયામાં યોગદાન માટે જાણીતા છે.

(3) શ્રી એન્ટોન ઝીલિંગરનો જન્મ વર્ષ 1945માં ઓસ્ટ્રીયાના રીડ ઈમ ઈનક્રીસ ખાતે થયો હતો. તેઓ વિયેના યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના એમેરિટસના પ્રોફેસર અને ઓસ્ટ્રીયન એકેડમી ઓફ સાયન્સની ક્વોન્ટમ ઓપ્ટિક્સ અને ક્વોન્ટમ માહિતી સંસ્થાના વરિષ્ઠ વૈજ્ઞાનિક છે.

## રસાયણશાસ્ત્ર



સુશ્રી કેરોલિન આર. બાર્ટોઝી, શ્રી કે. બૈરી શાર્પલેસ અને શ્રી મોર્ટન મેલ્ડલને "ક્લિક રસાયણશાસ્ત્ર અને બાયોર્થોગોનલ રસાયણશાસ્ત્રના વિકાસ માટે" (Click Chemistry and Bioorthogonal Chemistry) રસાયણશાસ્ત્રમાં 2022 માટેનો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

- શ્રી કે. બૈરી શાર્પલેસ (બીજી વખત જીત્યો)એ 'ક્લિક કેમિસ્ટ્રી' શબ્દ પર વ્યાપકપણે કામ કર્યુ હતું.
- શ્રી મોર્ટન મેલ્ડલે સ્વતંત્ર રીતે 'ટ્રાયઝોલ' નામનું એક વિશેષ રાસાયણિક માળખુ શોધી કાઢ્યુ હતું. જેમાં ઘણા મહત્વપૂર્ણ ઉપયોગો છે.
- સુશ્રી કેરોલિન આર. બાર્ટોઝીએ ક્લિક પ્રતિક્રિયાઓ વિકસાવવા માટે કામ કર્યુ જે જીવંત સજીવોની અંદર કાર્ય કરી શકે, તેને 'બાયોર્થોગોનલ' પ્રતિક્રિયાઓ (એક શબ્દ તેણે બનાવ્યો) તરીકે ઓળખાવ્યો.
- ક્લિક રસાયણશાસ્ત્ર એ રસાયણશાસ્ત્રનું લઘુત્તમ સ્વરૂપ છે જેમાં પરમાણુ બિલ્ડીંગ બ્લોક્સ ઝડપથી અને અસરકારક રીતે એક સાથે સ્નેપ થઈ શકે છે. તે રસાયણશાસ્ત્રનું એક સરળ અને વિશ્વસનીય સ્વરૂપ છે, જ્યાં પ્રતિક્રિયાઓ ઝડપથી થાય છે અને અનિચ્છનીય ઉપ–ઉત્પાદનો ટાળવામાં આવે છે.
- ક્લિક રસાયણશાસ્ત્રની અવધારણા વર્ષ 2000ની આસપાસ શ્રી કે. બૈરી શાર્પલેસ દ્વારા બનાવવામાં આવી હતી, જેમણે શોધી કાઢ્યું હતું કે કાર્બન અણુઓ, કાર્બનિક પદાર્થોના નિર્માણ બ્લોક્સને પરમાણુઓ બનાવવાની પ્રક્રિયામાં એકબીજાની સાથે જોડાણ કરવા માટે દબાણ કરવાને બદલે, સંપૂર્ણ કાર્બન માળખામાં નાના અણુઓને જોડવાનું સરળ છે.
- તેનો કેન્દ્રીય વિચાર એવા પરમાણુઓ વચ્ચેની સરળ પ્રતિક્રિયાઓ માટે પસંદ કરવાનો છે કે જેમાં એક સાથે બોન્ડ (જોડવા/બંધન) કરવા માટે 'મજબૂત આંતરિક ડ્રાઈવ' હોય, જેના પરિણામે ઝડપી અને ઓછી વિસર્જન પ્રક્રિયા થાય છે.

નોંધ : (1) શ્રી કે. બૈરી શાર્પલેસનો જન્મ અમેરિકામાં પેન્સિલવેનિયાના ફિલાડેલ્ફિયામાં થયો હતો. તેઓ અમેરિકાના પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી છે. તેઓ સ્ટીરીઓસેલેક્ટિવ પ્રતિક્રિયાઓ અને ક્લિક રસાયણશાસ્ત્ર પરના તેમના કાર્ય માટે જાણીતા છે. આ અગાઉ વર્ષ 2001માં પણ તેમને રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર મળ્યો હતો.

(2) શ્રી મોર્ટન મેલ્ડલ ડેનમાર્કના પ્રસિદ્ધ રસાયણ શાસ્ત્રી છે. તેઓ ડેનમાર્કમાં યુનિવર્સિટી ઓફ કોપનહેગનમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર છે. તેઓ CUAAC - ક્લિક પ્રતિક્રિયા વિકસાવવા માટે જાણીતા છે.

(3) સુશ્રી કેરોલીન બર્ટોઝી અમેરિકાના પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી છે. તેઓ રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન બંનેમાં ફેલાયેલા તેના વ્યાપક કાર્ય માટે જાણીતા છે. તેમણે જીવંત પ્રણાલીઓ સાથે સુસંગત રાસાયણિક પ્રતિક્રિયાઓ માટે 'બાયોર્થોગોનલ રસાયણશાસ્ત્ર' શબ્દ બનાવ્યો છે.

## ચિકિત્સા/ફિઝિયોલોજી



સ્વીડિશ આનુવંશિકશાસ્ત્રી શ્રી સ્વાંતે પાબોને લુપ્ત થયેલ હોમિનિન અને માનવ ઉત્ક્રાંતિના જિનોમમાં સંશોધન માટે ફિઝ્યોલોજી અથવા મેડિસિનનો 2022 માટેનો નોબેલ પુરસ્કાર મળ્યો છે.

- તેમણે એ પણ શોધ્યું કે લગભગ 70,000 વર્ષ પહેલા આફ્રિકા છોડ્યા પછી લુપ્ત હોમોનિનના જનીનો હોમો સેપિયન્સમાં સ્થાનાંતરિત થયા હતા.
- પોસ્ટડોક્ટરલ વિદ્યાર્થી તરીકે પાબોએ માનવ ઉત્ક્રાંતિના ક્ષેત્રમાં મુખ્ય અગ્રણી એલન વિલ્સન સાથે મળીને નિએન્ડરથલ્સમાંથી ડીઓક્સીરીબોન્યુક્લીક એસીડ (DNA)નું વૈજ્ઞાનિક સંશોધન કરવા માટેની પદ્ધતિઓ વિકસાવવામાં મદદ કરી હતી.
- તેમણે 40,000 વર્ષ જૂના હાડકાના ટૂકડામાંથી મિટોકોન્ડ્રીયલ જીનોમના એક ભાગને અનુક્રમિત કરવા માટે તેમની અત્યાધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં સફળતા મેળવી છે.
- મિટોકોન્ડ્રીયલ જીનોમના ઉપયોગથી સફળતાની શક્યતા વધી જાય છે કારણ કે તે હજારો નકલોમાં હાજર છે.
- આ જીનોમની સરખામણી આધુનિક માનવીઓ અને ચિમ્પાઝી સાથે કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે નિએન્ડરથલ આ બે પ્રજાતિઓમાંથી આનુવંશિક રીતે અજોડ છે.
- શ્રી સ્વાંતે પાબો નિએન્ડરથલના પરમાણુ જિનોમને ક્રમબદ્ધ કરવામાં અને 2010માં જર્મનીના લીપઝિગમાં ન્યૂ મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટમાં પ્રકાશિત કરવામાં સફળ રહ્યા હતા.

- તે દર્શાવે છે કે નિએન્ડરથલ્સના સૌથી તાજેતરના સામાન્ય પૂર્વજ અને હાલના માનવીઓ 800000 વર્ષ પહેલા પૃથ્વી પર રહેતા હતા.

નોંધ : (1) શ્રી સ્વાંતે પાબોનો જન્મ વર્ષ 1955માં સ્વીડનના સ્ટોકહોમમાં થયો હતો. તેઓ ઉત્ક્રાંતિ આનુવંશિકતાના ક્ષેત્રમાં નિષ્ણાત છે. આ ઉપરાંત તેનું નામ પેલેઓજેનેટિક્સ માટે પણ જાણીતું છે.

(2) પેલેઓજેનેટિક્સ એ પ્રાચીન જીવોના અવશેષોમાંથી સાચવેલ આનુવંશિક સામગ્રીની તપાસ દ્વારા ભૂતકાળનો અભ્યાસ છે.

## સાહિત્ય



સાહિત્યમાં 2022નો નોબેલ પુરસ્કાર ફ્રેન્ચ લેખક સુશ્રી એની એર્નોક્સને "હિંમત અને કુશળતા કે જેનાથી તેણી વ્યક્તિગત મેમરી, સિસ્ટમ્સ અને સામૂહિક પ્રતિબંધને ઉજાગર કરે છે" (For the courage and clinical acuity with which she uncovers the roots, estrangements and collective restraints of personal memory) માટે એનાયત કરવામાં આવ્યો છે.

- તેમના કાર્યો મોટાભાગે સમાજશાસ્ત્ર તરફ વલણ ધરાવે છે, જે ગર્ભપાત અને અન્ય સામાજિક મુદ્દાઓ જેવા વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

નોંધ : સુશ્રી એની એર્નોક્સનો જન્મ ફ્રાન્સના લિલેબોન ખાતે થયો હતો.

## શાંતિ (Peace)



વર્ષ 2022 માટેનો નોબેલ શાંતિ પુરસ્કાર બેલારુસના માનવાધિકાર હિમાયતી શ્રી એલેસ બિયાલિયાત્સકી, રશિયન માનવાધિકાર સંગઠન 'મેમોરિયલ' અને યુક્રેનની માનવાધિકાર સંસ્થા 'સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝ'ને એનાયત કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXA

- એવોર્ડ વિજેતાઓ બેલારુસ, યુક્રેન અને રશિયાના હોવાથી, હાલમાં ચાલી રહેલા રશિયા–યુક્રેન સંઘર્ષ વિશે ગર્ભિત સંદેશ મોકલવામાં આવ્યો છે.

નોંધ : (1) શ્રી એલેસ બિયાલિયાત્સકી 1980ના દાયકાના મધ્યમાં બેલારુસમાં લોકશાહી ચળવળના આરંભ કરનારાઓમાંના એક હતા.

(2) રશિયન માનવ અધિકાર સંગઠન 'મેમોરિયલ'ની સ્થાપના 1987માં ભૂતપૂર્વ સોવિયત યુનિયનમાં માનવાધિકાર કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવી હતી.

(3) યુક્રેનિયન માનવાધિકાર સંસ્થા સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝની સ્થાપના 2007માં 'યુક્રેનમાં માનવ અધિકારો અને લોકશાહીને આગળ વધારવાના ઉદ્દેશ્ય' સાથે કરવામાં આવી હતી.

## અર્થશાસ્ત્ર



'બેંક અને નાણાકીય કટોકટી પર સંશોધન માટે' શ્રી ડગ્લાસ ડાયમંડ, શ્રી બેન એસ. બર્નાન્કે અને શ્રી ફિલિપ એચ. ડાયાવિગને અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- આ ત્રણેય નિષ્ણાતોએ આર્થિક મંદીના ગાળા દરમિયાન બેન્કિંગ સેક્ટરને વધારે સારું બનાવવા માટે સંશોધન કર્યુ હતું. અને માનવતાને બચાવવાના સુંદર ઉપાયો બતાવ્યા હતા.
- આ ત્રણેય નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ અમેરિકાના જ છે.

## નોબેલ પુરસ્કાર



સ્વિડનના પ્રસિધ્ધ રસાયણશાસ્ત્રી શ્રી આલ્ફ્રેડ નોબેલની યાદમાં દર વર્ષે આ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

- ઈ.સ. 1895માં શ્રી આલ્ફ્રેડ નોબેલ દ્વારા આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ ઈ.સ. 1901માં કુલ પાંચ ક્ષેત્રમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો : (1) શાંતિ, (2) સાહિત્ય, (3) રસાયણશાસ્ત્ર, (4) શરીરવિજ્ઞાન અથવા મેડિસન અને (5) ભૌતિકશાસ્ત્ર.

- શરૂઆતમાં વર્ષ 1901થી દર વર્ષ ઉપરોક્ત પાંચ ક્ષેત્રોમાં આ એવોર્ડ એનાયત થયો હતો.
- ત્યારબાદ ઈ.સ. 1969 થી અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કારની પણ શરૂઆત કરવામાં આવી હતી.
- આથી, વર્તમાન સમયે અર્થશાસ્ત્ર સહિત કુલ 6 ક્ષેત્રોમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને એક ગોલ્ડ મેડલ, એક સર્ટિફિકેટ અને રોકડ રકમ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે સ્વિડનના પાટનગર સ્ટોકહોમ ખાતે યોજાય છે.
- જોકે, શાંતિનો નોબેલ પુરસ્કર સ્વિડન દ્વારા નહિ પરંતુ નોર્વે દ્વારા એનાયત થાય છે.
- આથી, શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ નોર્વેના પાટનગર ઓસ્લો ખાતે યોજાય છે.

## કયો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?

| ક્રમ | નોબેલ પુરસ્કાર | કોના દ્વારા એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | સાહિત્ય | સ્વિડિશ એકેડમી |
| 2 | ફિઝિક્સ, કેમેસ્ટ્રી | રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ |
| 3 | મેડિસન–ફિઝિયોલોજી | નોબેલ એસેમ્બલી એટ ધ કેરોલિન્સ્કા ઈન્સ્ટિટયૂટ |
| 4 | શાંતિ | નોર્વેજીયન નોબેલ કમિટી |
| 5 | અર્થશાસ્ત્ર | સ્વેરિગ્સ રિક્સબેન્ક |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પુરસ્કારની રકમ

આ એવોર્ડ અંતર્ગત પુરસ્કાર રૂપે કેટલી ધનરાશી આપવી તે 'નોબેલ ફાઉન્ડેશન' દ્વારા નક્કી થાય છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી રવિન્દ્રનાથ ટાગોર | 1913 | સાહિત્ય |
| 2 | શ્રી સી.વી. રામન | 1930 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | મધર ટેરેસા (જન્મ : સ્કોપ્જે, મેસેડોનિયા, નિધન: કોલકાતા) | 1979 | શાંતિ |
| 4 | શ્રી અમર્ત્ય સેન | 1998 | અર્થશાસ્ત્ર |
| 5 | શ્રી કૈલાસ સત્યાર્થી | 2014 | શાંતિ |

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના કેટલાક વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી હરગોવિંદ ખુરાના | 1968 | મેડિસિન |
| 2 | શ્રી સુબ્રમણ્યમ ચન્દ્રશેખર | 1983 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | શ્રી વી.એસ. નાયપોલ | 2001 | સાહિત્ય |
| 4 | શ્રી વેંકટરામન રામાકૃષ્ણન | 2009 | રસાયણશાસ્ત્ર (Chemistry) |
| 5 | શ્રી અભિજીત બેનર્જી | 2019 | અર્થશાસ્ત્ર (Economic Science) |

નોંધ :(1) શ્રી રવિન્દ્રનાથ ટાગોર નોબેલ પુરસ્કાર વિજેતા પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન વ્યક્તિ છે. તેમને વર્ષ 1913માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) છેલ્લે વર્ષ 2014માં ભારતના શ્રી કૈલાસ સ્ત્યાર્થીને શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) સુશ્રી મલાલા યુસફઝાઈ સૌથી નાની ઉંમરે (17 વર્ષ) નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર વ્યક્તિ છે. તેમને વર્ષ 2014માં શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 5G સેવાઓ શરૂ કરી

નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે આયોજિત ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 5G ટેલિફોની સેવા શરૂ કરવામાં આવી હતી.




- ભારતમાં તબક્કાવાર 5G સેવાઓ શરૂ કરવામાં આવશે.
- શરૂઆતમાં તેને ભારતના 13 શહેરોમાં લોન્ચ કરવામાં આવશે.
- તેમાં દિલ્હી, બેંગ્લુરુ, મુંબઈ, ચેન્નાઈ, અમદાવાદ, ચંદીગઢ, ગાંધીનગર, હૈદરાબાદ, કોલકાતા, લખનૌ, પુણે, જામનગર અને ગુરુગ્રામનો સમાવેશ થાય છે.
- જેમાં ચેન્નાઈ, મુંબઈ, દિલ્હી અને કોલકાતા જેવા મહત્વના મેટ્રો શહેરો 5G સેવા મેળવનારા પ્રથમ શહેર હશે.
- આ ઉપરાંત રિલાયન્સ જિયો દિવાળી સુધીમાં 5G રોલઆઉટ કરવાની યોજના બનાવી રહી છે.

નોંધ :(1) ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2022 1 થી 4 ઓક્ટોબર દરમિયાન યોજાઈ હતી. તેનું આયોજન 'ન્યુ ડિજિટલ યુનિવર્સ' થીમ સાથે કરવામાં આવ્યું હતું.

(2) આ કાર્યક્રમ સરકાર, નિષ્ણાતો અને અગ્રણી ટેક્નોલોજી, મીડિયા અને મનોરંજન તથા ટેલિકોમ કંપનીઓને એક સાથે લાવે છે.

JOIN WHATSAPP GROUP / joinicerajkot.com

(3) તે ભારતના ટેક્નોલોજી ક્ષેત્રે એક મુખ્ય નેટવર્કિંગ ઈવેન્ટ છે. તે ભારત સરકારના ટેલિકોમ્યુનિકેશન વિભાગ અને સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (COAI) દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવે છે.

## 5G ટેક્નોલોજી

5G એ પાંચમી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે. 1G, 2G, 3G અને 4G નેટવર્ક પછી તે નવું વૈશ્વિક વાયરલેસ સ્ટાન્ડર્ડ છે.

- 5G એ 4G નેટવર્ક કરતા 10 ગણી વધુ ઝડપી ઈન્ટરનેટની ઝડપ પૂરી પાડે છે.
- 5Gના હાઈ–બેન્ડ સ્પેક્ટ્રમમાં ઈન્ટરનેટ સ્પીડ 20 Gbps (ગીગાબાઈ પ્રતિ સેકન્ડ) તરીકે ચકાસવામાં આવી છે. જ્યારે 4Gમાં નોંધાયેલ મહત્તમ ઈન્ટરનેટ ડેટા સ્પીડ મોટાભાગના કિસ્સાઓમાં 1 Gbps છે.
- આ ઉચ્ચ ડેટા દર વિશ્વસનીય સંદેશાવ્યવહાર અને ઓછી વિલંબ (લઘુત્તમ વિલંબ) સુનિશ્ચિત કરે છે.

## પ્રથમ પેઢીથી પાંચમી પેઢી સુધીની ઉત્ક્રાંતિ

| પેઢી | વિશેષતા |
|---|---|
| 1G | – 1G 1980ના દાયકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.<br>– તે એનાલોગ રેડિયો સિગ્નલ પર કામ કરતું હતું અને માત્ર વોઈસ કોલ્સને સપોર્ટ કરતું હતું. |
| 2G | – 2G 1990ના દાયકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.<br>– જે ડિજિટલ રેડિયો સિગ્નલનો ઉપયોગ કરે છે અને 64 kbps ની બેન્ડવિડ્થ સાથે વોઈસ અને ડેટા ટ્રાન્સમિશન બંનેને સપોર્ટ કરે છે. |
| 3G | – 3Gને 2000ના દાયકામાં 1mbpsની ઝડપ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. અને તે ડિજિટલ વોઈસ, વીડિયો કોલ્સ અને કોન્ફરન્સિંગ સહિત ટેલિફોન સિગ્નલ ટ્રાન્સમીટ કરવાની ક્ષમતા ધરાવે છે. |
| 4G | – તેને વર્ષ 2009/2010માં 100mbps થી 1gpbsની 'પીક સ્પીડ' સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું અને તે 3D વર્ચ્યુઅલ રિયાલિટીને પણ સક્ષમ કરે છે. |

## 5G બેન્ડ્સના વિવિધ પ્રકારો

5G મુખ્યત્વે 3 બેન્ડ્સ (લો, મિડ અને હાઈ બેન્ડ સ્પેક્ટ્રમ)માં કામ કરે છે, જેમાં દરેક બેન્ડમાં અમુક ચોક્કસ ઉપયોગો અને અમુક ચોક્કસ મર્યાદાઓ હોય છે.

- આનો અર્થ એ છે કે ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ તેને કોમર્શિયલ સેલફોન વપરાશકર્તાઓ દ્વારા ઉપયોગ માટે ઈન્સ્ટોલ કરી શકે છે જેમની પાસે ખૂબ જ હાઈ સ્પીડ ઈન્ટરનેટની સામાન્ય માંગ નથી.
- આ બેન્ડનો ઉપયોગ ઉદ્યોગો અને વિશિષ્ટ ફેક્ટરી એકમો દ્વારા કેપ્ટિવ નેટવર્ક બનાવવા માટે થઈ શકે છે. જે તે ચોક્કસ ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ થઈ શકે છે.
- 5G અલગ–અલગ સ્પેક્ટ્રમ બેન્ડ પર કામ કરે છે તે નીચે મુજબ છે :

(1) લો બેન્ડ સ્પેક્ટ્રમ (Low Band Spectrum) : તેમાં ઈન્ટરનેટની ઝડપ અને ડેટા ક્રિયાપ્રતિક્રિયાઓની મહત્તમ ઝડપ 100 mbps (મેગાબિટ્સ પ્રતિ સેકન્ડ) સુધીની હોય છે.

(2) મિડ–બેન્ડ સ્પેક્ટ્રમ (Mid - Band Spectrum) : તે નીચા બેન્ડમાં સ્પેક્ટ્રમ કરતાં વધુ ઈન્ટરનેટ સ્પીડ ધરાવે છે, તેમ છતાં તેમાં કવરેજ વિસ્તાર અને સિગ્નલોની કેટલીક મર્યાદાઓ છે.

(3) હાઈ બેન્ડ સ્પેક્ટ્રમ (High - Band Spectrum) : તે ઉપરના અન્ય બે બેન્ડ કરતા વધુ ઝડપ ધરાવે છે, પરંતુ તે ખૂબ જ મર્યાદિત કવરેજ અને સિંગ્નલ ઘૂંસપેંઠ ધરાવે છે.

## 5G ટેક્નોલોજી એપ્લિકેશન

- ઝડપી ડેટા પ્રોસેસિંગ–5Gનો લેટરન્સી રેટ 1 મિલિસેકન્ડ અને સ્પીડ 20 Gbpsથી વધુ છે. આમ વિવિધ પ્રકારના સ્ત્રોતો દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટાને ઝડપી ગતિએ પ્રક્રિયા કરી શકાય છે.
- આપણા સ્માર્ટફોનમાં સુધારો કરવા ઉપરાંત, 5G મોબાઈલ ટેક્નોલોજી નવી ઈમર્સિવ સેવાઓ જેમ કે વર્ચ્યુઅલ રિયાલિટી (Vertual Reality-VR) નો પ્રારંભ કરી શકે છે, જેમાં ઝડપી, વધુ સમાન ડેટા રેટ, ઓછી વિલંબતા અને ઓછી કિંમતની ટકાવારી શામેલ છે.
- 5G નવી સેવાઓને સક્ષમ કરી શકે છે જે ઉદ્યોગોને અતિ–વિશ્વસનીય, ઉપલબ્ધ, ઓછી વિલંબિત જેમ કે નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વાહનો અને તબીબી પ્રક્રિયાઓના રિમોર્ટ કન્ટ્રોલ સાથે પરિવર્તિત કરે છે, જે ખૂબ જ કોમ્પેક્ટ અને ઓછા ખર્ચે કનેક્ટિવિટી સોલ્યુશન્સ પ્રદાન કરે છે.

- સામાન્ય રીતે 5Gનો ઉપયોગ ત્રણ મુખ્ય પ્રકારની કનેક્ટેડ સેવાઓમાં થાય છે, જેમાં અદ્યતન મોબાઈલ બ્રોડબેન્ડ, જટિલ સંચાર મિશન અને મોટા પાયે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT)નો સમાવેશ થાય છે.
- IoT, ક્લાઉડ, બિગ ડેટા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એજ કમ્પુટિંગ સાથે, 5G ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે મુખ્ય સક્ષમ છે.

## કોમ્યુનિકેશન સેક્ટર માટે 5Gના ફાયદા

- 5G 2035 સુધીમાં ભારતમાં 1 ટ્રિલિયન ડોલરની સંચિત આર્થિક સર્જશે તેવી અપેક્ષા છે, સરકાર દ્વારા નિયુક્ત પેનલના અહેવાલમાં આ જણાવ્યું છે.
- ટેલિકોમ ગિયર નિર્માતા એરિક્સનના એક અલગ અહેવાલ મુજબ, ભારતમાં 5G-સક્ષમ ડિજિટલાઈઝેશન આવકની સંભાવના 2026 સુધીમાં 27 બિલિયન ડોલરથી વધુ હશે.
- વધુમાં વૈશ્વિક ટેલિકોમ ઉદ્યોગ GSMAએ આગાહી કરી છે કે ભારતમાં 2025 સુધીમાં લગભગ 70 મિલિયન 5G કનેક્શન હશે.
- ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) અને મશીન ટુ મશીન કોમ્યુનિકેશન જેવી ઉભરતી ટેક્નોલોજીનો આધાર 5G બનવાની અપેક્ષા છે.
- તે ડ્રાઈવર વિનાના વાહનો, ટેલિ–સર્જરી અને રિયલ ટાઈમ ડેટા એનાલિટિક્સ સહિતની એપ્લિકેશનો અને સેવાઓને ઘણુ મોટુ સમર્થન આપશે.
- 5Gની પ્રાથમિક એપ્લિકેશનોમાંની એક સેન્સર–એમ્બેડેડ નેટવર્કનું અમલીકરણ હશે જે મેન્યુફેક્ચરિંગ, કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં માહિતીના વાસ્તવિક સમયને રિલે કરવાની મંજૂરી આપશે.
- 5G ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સ્માર્ટ બનાવીને વધુ કાર્યક્ષમ બનાવવામાં પણ મદદ કરી શકે છે.
- 5G વાહનથી વાહન અને વાહન–થી–ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોમ્યુનિકેશસન્સનને સક્ષમ કરશે અને અન્ય વસ્તુઓની સાથે ડ્રાઈવર વિનાની કારને વાસ્તવિક્તા બનાવશે.
- 5G દ્વારા આપવામાં આવતી અલ્ટ્રા–લો લેટન્સી ટેક્નોલોજીને આવા ઉપયોગના કિસ્સાઓ માટે ઈચ્છનીય બનાવે છે. લેટન્સી એટલે ડેટા તેના સ્ત્રોત અને ગંતવ્ય વચ્ચે મુસાફરી કરવામાં જેટલો સમય લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5G અને 4G વચ્ચેનો તફાવત

| 4G | 5G |
|---|---|
| • 700 MHz થી 2500 MHzની ઓછી રીડિંગ ફ્રિકવન્સીનો ઉપયોગ કરે છે. | • 28 GHz ની ઘણી ઊંચી રેડિયો ફ્રીકવન્સીનો ઉપયોગ કરે છે. |
| • તેની સ્પીડ ઓછી છે અને અન્ય સિગ્નલો દ્વારા વિક્ષેપિત થઈ શકે છે. | • તે ઓછી વિક્ષેપ સાથે વધુ ઝડપ ધરાવે છે. |
| • ડેટા ટ્રાન્સફર અને પ્રોસેસ કરવાની ઓછી ક્ષમતા | • ખૂબ જ સરળ અને ઝડપથી ટ્રાન્સફર અને ડેટાની પ્રક્રિયા સરળતાથી પૂરી પાડે છે. |
| • તે ઓછા ઉપકરણોને સપોર્ટ કરે છે. | • તે એક જ ભૌગલિક વિસ્તારની અંદર ઘણા ઉપકરણોને સપોર્ટ કરી શકે છે. |




1. 'વિશ્વ ટપાલ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર (C)

2. 'વિશ્વ પ્રાદેશિક સેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર (C)

3. વર્ષ 2022ના 'ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર' વિજેતામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી એલેન એસ્પેક્ટ (B) શ્રી જ્હોન એફ. ક્લોઝર

(C) શ્રી એન્ટોન ઝીલિંગર (D) ઉપરોક્ત તમામ (D)

4. વર્ષ 2022ના 'રસાયણશાસ્ત્ર' (chemistry)ના નોબેલ પુરસ્કાર વિજેતાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી કે. બૈરી શાર્પલેસ (B) શ્રી મોર્ટન મેલ્ડલ

(C) સુશ્રી કેરોલિન આર. બર્ટોઝી (D) ઉપરોક્ત તમામ (D)

5. શ્રી સ્વાંતે પાબોને વર્ષ 2022નો કયા ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) ભૌતિકશાસ્ત્ર (B) રસાયણશાસ્ત્ર (C) ચિકિત્સા (D) અર્થશાસ્ત્ર (C)

6. વર્ષ 2022નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી એની એર્નોક્સ (B) સુશ્રી એન્દ્રિયા ગેસ

(C) સુશ્રી મારીયા રેસા (D) સુશ્રી મનાબે સ્યુકરો (A)

7. નીચેના વિધાન ધ્યાને લો.

1. શ્રી એલેસ બિયાલિયાત્સકી

2. શ્રી ડગ્લાસ ડાયમંડ

3. મેમોરિયલ (રશિયન માનવ અધિકાર સંસ્થા)

4. સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝ (યુક્રેનિયન માનવ અધિકાર સંસ્થા)

ઉપરોક્ત આપેલ પૈકી કોને વર્ષ 2022 માટે 'શાંતિ' (Peace)નો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** વર્ષ 2022નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) શ્રી ડગ્લાસ ડાયમંડ (B) શ્રી બેન એસ. બર્નાન્કે

(C) શ્રી ફિલિપ એચ. ડાયબવિગ (D) ઉપરોક્ત તમામ **(D)**

---

**9.** 'નોબેલ એવોર્ડ 2022' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર શ્રી જ્હોન એફ. ક્લોઝર, શ્રી એલેન એસ્પેક્ટ અને શ્રી એન્ટોન ઝીલિંગરને 'ક્વોન્ટમ મિકેનિક્સ'માં તેમના કાર્ય માટે એનાયત કરવામાં આવ્યો છે.
2. સુશ્રી કેરોલિન આર. બાર્ટોઝી, શ્રી કે.બૈરી શાર્પલેસ અને શ્રી મોર્ટન મેલ્ડલને "ક્લિક રસાયણશાસ્ત્ર અને બાયોર્થોગોનલ રસાયણશાસ્ત્રના વિકાસ માટે" રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.
3. શ્રી સ્વાંતે પાબોને મનુષ્યમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટમાં મહત્વની ભૂમિકા ભજવવા બદલ 'મેડિસન' માટેનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.
4. 'બેંક અને નાણાકીય કટોકટી પર સંશોધન માટે' શ્રી ડગ્લાસ ડાયમંડ, શ્રી બેન એસ. બર્નાન્કે અને શ્રી ફિલિપ એચ. ડાયવિગને અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**10.** તાજેતરમાં ભારતમાં 5G ટેક્નોલોજી શરૂ કરવામાં આવી છે તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. 5G એ પાંચમી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે. તથા 4G પછીનું નવું વૈશ્વિક વાયરલેસ સ્ટાન્ડર્ડ છે.
2. 5G મુખ્યત્વે 3 બેન્ડ્સ (લો, મિડ અને હાઈ બેન્ડ સ્પેક્ટ્રમ)માં કામ કરે છે.
3. 5Gના હાઈબેન્ડ સ્પેક્ટ્રમમાં ઈન્ટરનેટની સ્પીડ 20 gbps (ગીગાબાઈટ પ્રતિ સેકન્ડ) તરીકે ચકાસવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3 **(A)**

## દિવસ મહિમા : 10 ઓક્ટોબર, (1) વિશ્વ ટપાલ દિવસ (World Post Day)
## (2) વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)

### વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ




સમગ્ર વિશ્વમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ લાવવા અને આ સંદર્ભે શિક્ષણ ફેલાવવાના ઉદ્દેશથી દર વર્ષે 10 ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની સ્થાપના વર્ષ 1992માં 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ એસોસિએશન' દ્વારા વિશ્વના લોકો માટે માનસિક આરોગ્ય સંભાળને વાસ્તવિક બનાવવા માટે કરવામાં આવી હતી.
- માનસિક વિકારોમાં ડિપ્રેશન વિશ્વની સૌથી મોટી સમસ્યા છે.
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ 2022ની થીમ 'Make Mental Health & Well - Being For All a Global Priority' છે.

## ઓપ્ટિમસ : ટેસ્લાએ હ્યુમનોઈડ રોબટ રજૂ કર્યો

ટેસ્લાના CEO શ્રી એલોન મસ્કએ તાજેતરમાં ઓપ્ટીમસ હ્યુમોનોઈડ રોબટના નવીનતમ પ્રોટોટાઈપનું અનાવરણ કર્યું હતું.

- 'વાર્ષિક ટેસ્લા AI દિવસ' પ્રેઝન્ટેશન દરમિયાન ઓપ્ટિમસના પ્રોટોટાઈપને પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.
- આ માનવીય રોબટે છોડને પાણી આપવું, બોક્સ વહન કરવું અને મેટલ અને બાર ઉપાડવા જેવા સરળ કાર્યો કરવાની ક્ષમતા દર્શાવી હતી.
- તેનો હેતું માનવ કાર્યોને મશીનો સાથે બદલવાનો છે.
- આ રોબટ કેટલાક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોફ્ટવેર અને સેન્સર્સને ટેસ્લા કારના ઓટોપાયલટ ડ્રાઈવર સહાયતા લક્ષણો સાથે શેર કરે છે.
- ઓ રોબોટ્સના મોટા પાયે ઉત્પાદનની કિંમત 20000 યુએસ ડોલર કરતા ઓછી હશે.
- આ રોબર્ટની ડિઝાઈન માનવ શરીર રચનાની નકલ કરે છે.
- આ રોબર્ટમાં વિશિષ્ટ ડિઝાઈન કરેલા એકચ્યુએટર્સ છે – ગિયર્સ, મોટર્સ, સેન્સર્સ અને નિયંત્રણોનો જટિલ સમૂહ જે માનવ સ્નાયુઓની જેમ કાર્ય કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તે AI સોફ્ટવેર દ્વારા સંચાલિત હોવાથી, તે વિશ્વને સમજવા, યોજના બનાવવા અને નેવિગેટ કરવાની ઉચ્ચ જ્ઞાનાત્મક ક્ષમતા ધરાવે છે.

## પ્રસ્તાવિત ડિજિટલ રૂપિયો (Proposed Digital Rupee)

ભારતીય રિઝર્વ બેંક (RBI) ટૂંક સમયમાં ચોક્કસ ઉપયોગો માટે વ્યાપક અર્થમાં ઈ–રૂપી, અથવા સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (CBDC) અથવા ડિજિટલ રૂપિયો લોન્ચ કરશે.

- RBIએ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) વિશે જનજાગૃતિ વધારવા માટે એક કોન્સેપ્ટ નોટ પણ લોન્ચ કરી હતી.
- કોન્સેપ્ટ નોટનો હેતુ CBDCની વિશેષતાઓ, ખાસ કરીને ડિજિટલ રૂપિયા વિશે જાગૃતિ લાવવાનો છે.

### ઇ-રૂપી અથવા ડિજિટલ રૂપિયો

કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને 2022-23ના બજેટ દરમિયાન ઈ–રૂપી અથવા ડિજિટલ રૂપિયો રિલીઝ કરવાની જાહેરાત કરી હતી.

- વ્યાખ્યા : RBI, CBDCને કેન્દ્રીય બેંક દ્વારા જારી કરાયેલ ચલણના ડિજિટલ સંસ્કરણ તરીકે વ્યાખ્યાયિત કરે છે. તે દેશની નાણાકીય નીતિ અનુસાર મધ્યસ્થ બેંક (RBI) દ્વારા જારી કરાયેલ એક સાર્વભૌમ અથવા સંપૂર્ણ સ્વતંત્ર ચલણ છે.
- કાનૂની ટેન્ડર : એકવાર સત્તાવાર રીતે જાહેર કર્યા પછી CBDCને ત્રણેય પક્ષો – નાગરિક, સરકારી સંસ્થાઓ અને સાહસો દ્વારા ચૂકવણી અને કાનૂની ટેન્ડર તરીકે ગણવામાં આવશે. સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત હોવાથી તેને કોઈપણ કોમર્શિયલ બેંકની ચલણ અથવા નોટોમાં મુક્તપણે રૂપાંતરિત કરી શકાય છે.
- ક્રિપ્ટોકરન્સીથી વિચલન : ક્રિપ્ટોકરન્સીની અંતર્ગત ટેક્નોલોજી ડિજિટલ રૂપી સિસ્ટમના કેટલાક પરિમાણોને ઘટાડી શકે છે, પરંતુ RBIએ તેના પર હજુ નિર્ણય લેવાનો બાકી છે.
- જોકે ક્રિપ્ટોકરન્સી જેવી કે બિટકોઈન અથવા ઈથેરિયમ પ્રકૃતિમાં ખાનગી છે. બીજી તરફ ડિજિટલ રૂપિયો RBI દ્વારા જારી અને નિયમન કરવામાં આવશે.
- વૈશ્વિક પરિદ્દશ્ય : જુલાઈ 2022 સુધીમાં લગભગ 105 દેશો CBDC પર વિચારણા કરી રહ્યા હતા.
- સેન્ટ્રલ બેંકે CBDCના બે વર્ઝન ઈશ્યુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે – આંતરબેંક સેટલમેન્ટ માટે જથ્થાબંધ અને જાહેર જનતા માટે છૂટક.
- CBDCનો હેતું નવીનતાને પ્રોત્સાહન આપવાનો, વ્યવહાર ખર્ચ ઘટાડવાનો અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઇ-રૂપિના ફાયદા

ભૌતિક રોકડ વ્યવસ્થાપનમાં સામેલ ઓપરેટિંગ ખર્ચમાં ઘટાડો, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવું, ચુકવણી પ્રણાલીમાં સુગમતા, કાર્યક્ષમતા અને નવીનતા લાવવી.

- એટલે કે ઈ–રૂપિયામાં વ્યવહાર કરવાથી ભૌતિક નોટો અને સિક્કાઓ સાથે રાખવાની અસુવિધા દૂર થઈ શકે છે.
- આ પગલું ભારતમાં નાણાકીય નીતિના વિકાસમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.




1. ભારતમાં 'રાષ્ટ્રીય ટપાલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર (C)

2. 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર (C)

3. તાજેતરમાં ટેસ્લાના CEO શ્રી એલોન મસ્કે 'ઓપ્ટિમસ'નું અનાવરણ કર્યુ હતું. તે શું છે ?

(A) હ્યુમોનોઈડ રોબટ

(B) પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે 23 ઉપગ્રહોનો સમૂહ

(C) iOS મોબાઈલ

(D) અંતરીક્ષ યાત્રા માટેનું મિશન (A)

4. તાજેતરમાં RBI સાથે ચર્ચામાં રહેલ 'ડિજિટલ રૂપિયો' અથવા 'ઈ–રૂપી' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. RBI ટૂંક સમયમાં ચોક્કસ ઉપયોગો માટે વ્યાપક અર્થમાં ઈ–રૂપી, અથવા ડિજિટલ રૂપિયો અથવા સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (CBDC) લોન્ચ કરશે.
2. તે દેશની નાણાકીય નીતિ અનુસાર મધ્યસ્થ બેંક (RBI) દ્વારા જારી કરાયેલ એક સાર્વભૌમ અથવા સંપૂર્ણ સ્વતંત્ર ચલણ છે.
3. સેન્ટ્રલ બેંકે CBDCના બે વર્ઝન ઈશ્યુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. – આંતરબેંક સેટેલાઈટ માટે જથ્થાબંધ અને જાહેર જનતા માટે છૂટક.
4. RBIએ ડિજિટલ રૂપિયો શરૂઆતમાં ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં લોન્ચ કરવાનો નિર્ણય કર્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4 (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અથવા International Day of the Girl Child અથવા International Day of the Girl

દર વર્ષે 11 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બાળકીના અધિકારોનું રક્ષણ કરવાનો, તેમની સામે આવતા પડકારો અને મુશ્કેલીઓને ઓળખવાનો અને કન્યાઓને સમાન અધિકારો આપવા માટે સમાજમાં જાગૃતિ લાવવાનો છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2012માં પ્રથમ વખત 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની વર્ષ 2022ની થીમ 'Our Time is now - our right, our Future' છે.

## ભારત વિશ્વનો સૌથી મોટો ખાંડ ઉત્પાદક અને વિશ્વનો બીજો સૌથી મોટો નિકાસકાર દેશ બન્યો

તાજેતરમાં 5000 લાખ મેટ્રિક ટન (LMT)થી વધુ શેરડીના રેકોર્ડ ઉત્પાદનને કારણે ભારત ખાંડના સૌથી મોટા ઉત્પાદક અને ગ્રાહક તથા વિશ્વમાં બીજા સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવ્યું છે.

- શેરડીનું ઉત્પાદન, ખાંડનું ઉત્પાદન, ખાંડની નિકાસ, શેરડીની પ્રાપ્તી, શેરડીની બાકી ચૂકવણી અને ઈથેનોલ ઉત્પાદન માટેના તમામ રેકોર્ડ સીઝન દરમિયાન બનાવવામાં આવ્યા હતા.
- કોઈપણ નાણાકીય સહાય વિના લગભગ 109.8 LMT સાથે નિકાસ સૌથી વધુ હતી અને લગભગ રૂ. 40,000 કરોડનું વિદેશી હુંડિયામણ મેળવ્યુ હતું.
- છેલ્લા 5 વર્ષમાં સરકાર દ્વારા સમયસર લેવામાં આવેલી પહેલના કારણે શેરડીનું ઉત્પાદન વર્ષ 2018-19ની નાણાકીય કટોકટીમાંથી બહાર આવ્યુ છે અને વર્ષ 2021-22માં સ્વનિર્ભરતા સ્તરે પહોંચ્યુ છે.
- નોંધનીય છે કે ખાંડ ઉદ્યોગના નિયમન અંગે ભલામણો કરવા માટે 'રંગરાજન સમિતિ' (2012)ની રચના કરવામાં આવી હતી.
- રંગરાજન સમિતિની ભલામણો નીચે મુજબની હતી :

(a) ખાંડની નિકાસ અને આયાત પરના જથ્થાત્મક નિયંત્રણોને દૂર કરવા માટે તેને યોગ્ય ટેરિફ દ્વારા બદલવા જોઈએ.

(b) આડપેદાશના વેચાણ પર કોઈ પ્રતિબંધ ન હોવો જોઈએ અને કિંમતો બજાર દ્વારા નક્કી થવી જોઈએ.

(c) મિલોને બગાસમાંથી ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે રાજ્યોએ નીતિગત સુધારા પણ કરવા જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EX...

## સમાજવાદી પાર્ટીના સ્થાપક શ્રી મુલાયમસિંહ યાદવનું નિધન

સમાજવાદી પાર્ટીના સ્થાપક અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી મુલાયમસિંહ યાદવનું 82 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી મુલાયમસિંહ યાદવ



ભારતીય રાજનેતા, સમાજવાદી વ્યક્તિ અને સમાજવાદી પાર્ટીના સ્થાપક શ્રી મુલાયમ સિંહ યાદવનો જન્મ 22 નવેમ્બર, 1939ના રોજ ઉત્તરપ્રદેશ રાજ્યના ઈટાવા જિલ્લાના સૈફઈ ગામમાં થયો હતો.

- તેમની માતાનું નામ શ્રીમતી મૂર્તિ દેવી અને પિતાનું નામ શ્રી સુગરસિંહ (સુધરસિંહ) યાદવ હતું.
- રાજકીય ક્ષેત્રે જોડાતા પહેલા શ્રી મુલાયમ સિંહ યાદવ અધ્યાપન ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. તેઓ કરહાલ, મૈનપુરી માં જૈન–ઈન્ટર કોલેજમાં શિક્ષક હતા.
- શ્રી મુલાયમસિંહ યાદવ સૌપ્રથમ વર્ષ 1967માં વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- વર્ષ 1975માં જ્યારે ઈમર્જન્સી લાદવામાં આવી હતી ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને 19 મહિના સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.
- તેઓ સૌપ્રથમ 1977માં રાજ્યકક્ષાના મંત્રી બન્યા હતા. ત્યારબાદ 1980માં તેઓ ઉત્તરપ્રદેશમાં લોકદળ (પીપલ્સ પાર્ટી)ના પ્રમુખ બન્યા હતા, આ પાર્ટી પાછળથી જનતા દળનો એક ભાગ બન્યો હતો.
- 1982માં તેઓ ઉત્તરપ્રદેશ વિધાન પરિષદમાં વિપક્ષના નેતા તરીકે ચૂંટાયા હતા અને 1985 સુધી તે પદ સંભાળ્યું હતું.
- જ્યારે લોકદળ પાર્ટીનું વિભાજન થયું ત્યારે ક્રાંતિકારી મોરચા પાર્ટીની શરૂઆત કરી હતી.
- વર્ષ 1992માં શ્રી મુલાયમસિંહ યાદવે 'સમાજવાદી પાર્ટી'ની સ્થાપના કરી હતી.
- તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ત્રણ ટર્મ સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે ભારત સરકારના સંરક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- છ દાયકાથી વધુ લાંબી રાજકીય કારકિર્દી સાથે 7 વખત સંસદસભ્ય (MP) તરીકે અને 10 વખત વિધાનસભાના સભ્ય (MLA) તરીકે સેવા આપી હતી.
- તેઓ નેતાજીના ઉપનામ તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે 1989 થી 1991, 1993 થી 1995 અને 2003 થી 2007 એમ ત્રણ ટર્મ માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- તેમના પુત્ર શ્રી અખિલેશ યાદવ પણ મુખ્યમંત્રી પદ પર રહી ચૂક્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. ‘આતંરરાષ્ટ્રીય બાલિકા દિવસ’ અથવા 'International Day of the Girl' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(A)**

2. તાજેતરમાં 5000 લાખ મેટ્રિક ટન (LMT)થી વધુ શેરડીના રેકોર્ડ ઉત્પાદનના કારણે _______ દેશ ખાંડના સૌથી મોટા ઉત્પાદક અને ગ્રાહક તથા વિશ્વનો સૌથી મોટો બીજો નિકાસકાર બન્યો છે.

(A) ભારત (B) જાપાન (C) અમેરિકા (D) ઉરૂગ્વે **(A)**

3. તાજેતરમાં શ્રી મુલાયમસિંહ યાદવનું નિધન થયું છે. તેમણે કયા રાજ્યના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી ?

(A) બિહાર (B) ઉત્તરાખંડ (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ **(C)**

4. શ્રી મુલાયમસિંહ યાદવ નીચેના પૈકી કયા રાજકીય પક્ષ સાથે સંકળાયેલા હતા ?

(A) ઉત્તરપ્રદેશ જન શક્તિ પાર્ટી (B) સમાજવાદી પાર્ટી
(C) સમાનતા પાર્ટી (D) ઉત્તરપ્રદેશ વિકાસ પાર્ટી **(B)**

5. તાજેતરમાં શ્રી મુલાયમસિંહ યાદવનું નિધન થયું છે. તેમના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ત્રણ ટર્મ માટે સેવા આપી હતી.
2. તેઓ 7 વખત સંસદ સભ્ય (MP) અને 10 વખત વિધાન સભાના સભ્ય (MLA) તરીકે ચૂંટાયા હતા.
3. તેમણે કેન્દ્ર સરકારમાં નાણામંત્રી તરીકે પણ સેવા આપી હતી.
4. તેમણે 1992માં સમાજવાદી પાર્ટીની સ્થાપના કરી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 ઓક્ટોબર, વિશ્વ સંધિવા દિવસ

## ગુજરાતનું મોઢેરા ભારતનું પ્રથમ 24×7 સૌર ઊર્જાથી ચાલતું ગામ બન્યુ



9 ઓક્ટોબર, 2022ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું સૌપ્રથમ સતત સૌર ઊર્જા (24×7)થી સંચાલિત મહેસાણા જિલ્લાના મોઢેરાને રાષ્ટ્રને સમર્પિત કર્યુ છે.

- આ સાથે ગુજરાતના મહેસાણા જિલ્લાનું મોઢેરા ગામ ભારતનું પ્રથમ 24×7 સૌર ઊર્જાથી ચાલતુ ભારતનું સૌપ્રથમ ગામ બન્યું છે.
- આ ગામમાં ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પ્લાન્ટ છે.
- મોઢેરાના તમામ 1300 ઘરો જે સૌર ઊર્જાથી ચાલે છે તે દરેકમાં 1 કિલોવોટની ક્ષમતા સાથે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવાઈ છે.
- આ સૌર પેનલ દ્વારા દિવસ દરમિયાન અને સાંજે BESS એટલે કે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ દ્વારા વીજળી પૂરી પાડવામાં આવશે.
- આ પ્રોજેક્ટને બે તબક્કામાં અમલમાં મૂકવામાં આવ્યો હતો. જેમાં રાજ્ય દ્વારા તેના અમલીકરણ માટે 12 હેક્ટર જમીન ફાળવવામાં આવી હતી.
- આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર અને રાજ્ય બંને સરકારોએ આશરે રૂ. 80 કરોડનું રોકાણ કર્યુ છે.
- તેનાંથી લોકોને વીજળીના બિલમાં 60 થી 100 ટકાની બચત કરવામાં મદદ મળશે.
- મોઢેરા સૂર્યમંદિરની સાથે હવે 'સૂર્ય ગામ' તરીકે પણ ઓળખાશે.

નોંધ :(1) વિશ્વ પ્રસિદ્ધ મોઢેરા સૂર્ય મંદિરનું સૌર ઊર્જાથી ચાલતુ 3-D પ્રોજેક્શન પ્રવાસીઓને મોઢેરાના સમૃદ્ધ ઈતિહાસની સમજ આપશે. આ 3D પ્રોજેક્શન દરરોજ સાંજે 7 થી 7:30 સુધી ઓપરેટ કરવામાં આવનાર છે.

(2) આ ઉપરાંત મંદિરના બ્યુટિફિકેશન તરીકે તેના પરીસરમાં સૌર ઊર્જાથી ચાલતી હેરિટેજ લાઈટિંગ પણ લગાવવામાં આવી છે. દર્શકો દરરોજ સાંજે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી આ મોહક લાઈટિંગનો આનંદ માણી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મોઢેરા

મોઢેરા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલું છે.

- મોઢેરાનું પ્રાચીન નામ 'ભગવદ ગામ' હતું.
- મોઢેરા પુષ્પાવતી નદીના કિનારે આવેલું છે.
- મોઢેરામાં સૂર્યમંદિર આવેલું છે જે ગુજરાતનું સૌથી પ્રસિદ્ધ સૂર્યમંદિર તથા કોર્ણાકના સૂર્યમંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે.
- મોઢ જ્ઞાતિના બ્રાહ્મણોને કારણે આ વિસ્તારનું નામ મોઢેરા પડ્યું હતું. તેમજ મોઢ જ્ઞાતિના કુળદેવી મોઢેશ્વરી માતાજીનું મંદિર આવેલ છે.
- મહમદ ગઝનીના આક્રમણ સમયે મોઢેરાના મંદિરને તોડવામાં આવ્યું હતું. જે ભીમદેવ પહેલાએ ફરીથી બંધાવ્યું હતું.
- મોઢેરાનું સૂર્યમંદિર કર્કવૃત્ત રેખા પર આવેલું છે અને શરદ તથા વસંત ઋતુમાં સૂર્યના કિરણો સભાખંડને વીંધીને સીધા ગર્ભગૃહમાં પડે છે જે મંદિરની વિશેષતા છે.
- અગાઉ જ્યારે મોઢેરાના સૂર્યમંદિરમાં ગર્ભગૃહમાં સૂર્યની મૂર્તિ હતી ત્યારે સૂર્યના કિરણો ગર્ભગૃહમાં રહેલ સૂર્યની મૂર્તિના મુગટમાં રહેલ મણિમાં પડતા જેથી આખુ મંદિર પ્રકાશથી જળહળી ઉઠતું.
- મોઢેરાના સૂર્યમંદિરની બાજુમાં રામકુંડ આવેલો છે જેમાં 108 દેરાઓ રામકુંડના પગથિયા પર છે.
- મોઢેરામાં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે જાન્યુઆરી માસમાં 'ઉત્તરાર્ધ મહોત્સવ' ઉજવાય છે. જેમાં 'શાસ્ત્રીય નૃત્ય'નો કાર્યક્રમ યોજવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી મહાકાલ લોક કોરિડોર (Mahakal Lok Corridor)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં 'શ્રી મહાકાલ લોક' કોરિડોરના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.




- વારાણસીના વિશ્વનાથ મંદિર અને ઉત્તરાખંડમાં કેદરનાથ મંદિર પછી મહાકાલ મંદિરનો વિકાસ આ શ્રેણીમાં ત્રીજું જ્યોતિર્લિંગ છે.
- 800 કરોડના ખર્ચે બનાવવામાં આવનાર મહાકાલ કોરિડોર કાશી વિશ્વનાથ કોરિડોર કરતા ચાર ગણો મોટો છે.

## શ્રી મહાકાલ લોક કોરિડોર

મહાકાલ મહારાજ મંદિર પરિસર વિસ્તરણ યોજના એ ઉજ્જૈન જિલ્લામાં આવેલા મહાકાલેશ્વર મંદિર અને તેની આસપાસના ક્ષેત્રનો વિસ્તાર, સુંદરીકરણ અને ભીડને દૂર કરવા માટેની યોજના છે.

- યોજના હેઠળ લગભગ 2.82 હેક્ટરના મહાકાલેશ્વર મંદિર પરિસરને વધારીને 47 હેક્ટર કરવામાં આવી રહ્યુ છે, જેને ઉજ્જૈન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે તબક્કામાં વિકસાવવામાં આવશે.
- જેમાં રૂદ્રસાગર તળાવની 17 હેક્ટર જમીનનો સમાવેશ થશે.
- આ પ્રોજેક્ટથી શહેરમાં વાર્ષિક ગ્રાહક આધાર હાલના 15 મિલિયનથી વધીને 30 મિલિયન થવાથી ધારણા છે.

## પ્રથમ તબક્કો

આ યોજનાના પ્રથમ તબક્કાનું એક પગલુ મુલાકાતી પ્લાઝા છે જેમાં નંદી ગેટ અને પિનાકી ગેટ નામના બે પ્રવેશદ્વાર અથવા દરવાજા છે.

- મુલાકાતી પ્લાઝામાં એક સાથે 20000 જેટલા યાત્રાળુઓ બેસી શકે છે.
- મુલાકાતીઓના પ્રવેશ અને મંદિરમાં તેમની અવરજવરને ધ્યાનમાં રાખીને શહેરમાં ભીડને દૂર કરવા માટે એક સંચાલન યોજના પણ વિકસાવવામાં આવી છે.
- એક 900 મીટરનો પગપાળા કોરિડોર બનાવવામાં આવ્યો છે, જે પ્લાઝાને મહાકાલ મંદિર સાથે જોડે છે.
- જેમાં 108 ભીંત ચીત્રો અને 93 શિલ્પો છે. જે શિવ વિવાહ, ત્રિપુરાસુર વધ, શિવ પુરાણ અને શિવ તાંડવ સ્વરૂપ જેવી ભગવાન શિવ સાથે સંબંધિત કથાઓ દર્શાવે છે.
- આ પદયાત્રી કોરિડોરની સાથે 128 સુવિધા કેન્દ્રો, ખાણીપીણી અને શોપિંગ જોઈન્ટ્સ, હસ્તશિલ્પ સ્ટોર્સ વગેરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બીજો તબક્કો

આમાં મંદિરના પૂર્વ અને ઉત્તરી મોરચાના વિસ્તરણનો સમાવેશ થાય છે.

- તેમાં ઉજ્જૈન શહેરના વિવિધ વિસ્તારો જેમ કે મહારાજવાડા, મહેલ ગેટ, હરિ ફાટક બ્રિજ, રામઘાટનો આગળનો ભાગ અને બેગમ બાગ રોડનો સમાવેશ થાય છે.
- મહારાજવાડાની ઈમારતોનો પુનઃવિકાસ કરવામાં આવશે અને મહાકાલ મંદિર સંકુલ સાથે જોડવામાં આવશે, જ્યારે હેરિટેજ ધર્મશાળા અને કુંભ મ્યુઝિયમ બનાવવામાં આવશે.
- બીજો તબક્કો Citi Investments to Innovate, Integrate and Sustain (CITIIS) પ્રોગ્રામ હેઠળ એજન્સી Francaise de Development (AFD)ના ભંડોળ સાથે વિકસાવવામાં આવી રહ્યો છે.

## મહાકાલ મંદિર

મહાકાલ મંદિર ભારતના 12 જ્યોતિર્લિંગમાંનું એક છે. જ્યોતિર્લિંગ સ્થાનોને ભગવાન શિવનું સ્વરૂપ માનવામાં આવે છે.

- તે મધ્યપ્રદેશ રાજ્યના ઉજ્જૈનમાં આવેલું છે.
- આ મંદિર પવિત્ર શિપ્રા નદીની બાજુમાં આવેલું છે.
- આ એકમાત્ર જ્યોતિર્લિંગ છે જેનું મુખ દક્ષિણ તરફ છે, જ્યારે બાકીના બધા પૂર્વ તરફ છે.
- કારણ કે મૃત્યુની દિશા દક્ષિણ માનવામાં આવે છે.
- વાસ્તવમાં લોકો અકાળ મૃત્યુથી બચવા માટે મહાકાલેશ્વરની પૂજા કરે છે.
- મહાકાલ મંદિરનો ઉલ્લેખ ઘણા પ્રાચીન ભારતીય કાવ્ય ગ્રંથોમાં જોવા મળે છે. કાલિદાસે ચોથી સદીમાં રચાયેલા મેઘદૂતમ (પૂર્વીય વાદળ)ના પ્રારંભિક ભાગમાં મહાકાલ મંદિરનું વર્ણન કર્યું છે.

નોંધ : (1) 13મી સદીમાં ઉજ્જૈન પરના આક્રમણ દરમિયાન ઓટોમન શાસક શમ્સ–ઉદ–દિન ઈલ્તુમિશ દ્વારા મંદિર સંકુલનો નાશ કરવામાં આવ્યો હતો.

(2) વર્તમાન પાંચ માળનું માળખું ઈ.સ. 1734માં મરાઠા સેનાપતિ રાણોજી શિંદે દ્વારા મંદિરની સ્થાપત્ય ભૂમિની, ચાલુક્ય અને મરાઠા શૈલીમાં બાંધવામાં આવ્યું હતું.

### 12 જ્યોતિર્લિંગ વિશે

| ક્રમ | જ્યોતિર્લિંગનું નામ | સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી સોમનાથ | સોમનાથ, ગુજરાત |
| 2 | શ્રી મલ્લિકાર્જુન | શ્રીશૈલમ, આંધ્રપ્રદેશ |
| 3 | શ્રી મહાકાલેશ્વર | ઉજ્જૈન, મધ્યપ્રદેશ |
| 4 | શ્રી ઓમકારેશ્વર | ઓમકારેશ્વર, મધ્યપ્રદેશ |
| 5 | શ્રી કેદરનાથ | રૂદ્રપ્રયાગ, ઉત્તરાખંડ |
| 6 | શ્રી ભીમાશંકર | ભીમાશંકર, મહારાષ્ટ્ર |
| 7 | શ્રી કાશી વિશ્વનાથ | વારાણસી, ઉત્તરપ્રદેશ |
| 8 | શ્રી ત્રંબકેશ્વર | નાસિક, મહારાષ્ટ્ર |
| 9 | શ્રી વૈદ્યનાથ | દિઓઘર, ઝારખંડ |
| 10 | શ્રી નાગેશ્વર | દ્વારકા, ગુજરાત |
| 11 | શ્રી રામેશ્વરમ | રામેશ્વરમ, તમિલનાડુ |
| 12 | શ્રી ઘૃષ્ણેશ્વર | ઈલોરા, મહારાષ્ટ્ર |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સંધિવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર (B)

2. તાજેતરમાં ગુજરાતનું કયું ગામ ભારતનું પ્રથમ 24×7 સૌર ઊર્જાથી ચાલતુ ગામ બન્યુ છે ?

(A) મોઢેરા (B) વઢવાણ (C) આખાજ (D) સણોસરા (A)

3. તાજેતરમાં મોઢેરાગામ ભારતનું પ્રથમ 24×7 સૌર ઊર્જાથી ચાલતુ ભારતનું સૌપ્રથમ ગામ બન્યુ છે. આ મોઢેરા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. મોઢેરા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલું છે.
2. મોઢેરાનું પ્રાચીન નામ 'ભગવદ્ ગામ' હતું.
3. તે પુષ્પાવતિ નદીના કિનારે આવેલું છે.
4. અહીં પ્રસિદ્ધ સૂર્યમંદિર આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

4. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં 'શ્રી મહાકાલ લોક' કોરિડોરના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાના પ્રથમ તબક્કાનું એક પાસુ મુલાકાતી પ્લાઝા છે જેમાં નંદી ગેટ અને પિનાકી ગેટ નામના બે પ્રવેશદ્વાર અથવા દરવાજા છે.
2. આ મુલાકાતી પ્લાઝા એક સમયે 20,000 જેટલા યાત્રાળુઓને સમાવી શકે છે.
3. એક 900 મીટરનો પગપાળા કોરિડોર બનાવવામાં આવ્યો છે, જે પ્લાઝાને મહાકાલ મંદિર સાથે જોડે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) ફક્ત 2 અને 3 (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reducation)

સમગ્ર વિશ્વમાં આપત્તિનું જોખમ ઘટાડવા અને એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 13 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વભરમાં આપત્તિ ઘટાડવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આહવાન બાદ વર્ષ 1989માં આપત્તિ જોખમ ઘટાડવા માટે આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની થીમ '**Substantially increase the availability and access to Multi - Hazard early warning systems and disaster risk information and assessment for people by 2030**' છે.

## વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક : IMF

તાજેતરમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક, 2022' (ઓક્ટોબર, 2022)ની નવીનતમ આવૃત્તિ બહાર પાડી છે.

### ભારતીય દશ્ય

તેમાં IMF દ્વારા વર્ષ 2022 માટે ભારતના GDP ગ્રોથનો અંદાજ ઘટાડીને 6.8 ટકા કરવામાં આવ્યો છે.

- જે જુલાઈમાં 7.4% અંદાજવામાં આવ્યો હતો.
- તે વર્ષ 2023માં ભારતનો વિકાસ દરના 6.1% રહેવાનો અંદાજ છે.
- IMFએ તેના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં જણાવ્યુ હતું કે બીજા ત્રિમાસિક ગાળામાં ધારણા કરતા કંપનીના નબળા પરિણામો તેમજ બાહ્ય માંગમાં ઘટાડાને ધ્યાનમાં લઈને આઉટલુકમાં ઘટાડો કરાયો છે.

### વૈશ્વિક દશ્ય

વૈશ્વિક વૃદ્ધિ 2021માં 6% થી ઘટીને 2022માં 3.2% અને 2023માં 2.7% થવાનો અંદાજ છે.

- વૈશ્વિક નાણાકીય કટોકટી અને Covid-19 મહામારીની ટોચને બાદ કરતા તે 2021 પછીનો સૌથી નીચો વૃદ્ધિ દર છે.
- 2023માં વૈશ્વિક વૃદ્ધિ વધુ ધીમી થવાની સંભાવના છે.
- આ હિસાબે સૌથી ખરાબ સ્થિતિ આવી શકે છે અને ઘણા લોકો માટે વર્ષ 2023 મંદીનું રહેશે.
- યુરોપ વિસ્તારમાં મંદી 2023માં વધુ ઊંડી થવાની ધારણા છે. એટલે કે સૌથી વધુ અસર યુરોપને થાય તેમ મનાઈ રહ્યુ છે.

## ફુગાવો

વૈશ્વિક ફુગાવો વર્ષ 2021માં 4.7%થી વધીને 2022માં 8.8% થવાનો અંદાજ છે.

- પરંતુ વર્ષ 2023માં તે ઘટીને 6.5% અને 2024 સુધીમાં 4.1% થવાનો અંદાજ છે.
- વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિઓમાં મંદી અપેક્ષિત કરતા વધુ વ્યાપક અને વધુ ઝડપી છે.
- અને ફુગાવો પણ દાયકાઓથી અનુભવાયેલો કરતા વધુ છે.
- આર્થિક દષ્ટિકોણ નાણાકીય અને નાણાકીય નીતિઓને સફળ સંકલન, યુક્રેનમાં યુદ્ધની સ્થિતિ અને ચીનમાં વૃદ્ધિની સંભાવનાઓ પર આધારિત છે.

## બીજી વિશ્વ ભૂ-સ્થાનિક સૂચના કૉંગ્રેસ

તાજેતરમાં બીજી 'સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ભૂ–સ્થાનિક કોંગ્રેસ' (United Nations World Geospatial Information Congrass-UNWGIC)નું ઉદ્‌ઘાટન હૈદરાબાદમાં 'જીઓ – એનેબલિંગ ધ વિલેજ : નો શૂડ બી લેફટ બિહાઈન્ડ' વિષય હેઠળ કરવામાં આવ્યું હતું.

- ભારતની ભૌગોલિક અર્થવ્યવસ્થા 12.8%ના વૃદ્ધિ દર સાથે વર્ષ 2025 સુધીમાં રૂ. 63,100 કરોડથી વધુ થવાનો અંદાજ છે.
- પ્રથમ UNWGIC વર્ષ 2018માં ચીનના ઝેજિયાંગ પ્રાંતના ડેકિંગમાં યોજવામાં આવી છે.
- યુએન કમિટી ઓફ એક્સપર્ટ્સ ઓન ગ્લોબલ જીઓસ્પેશિયલ ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ (UN-GGIM) દર ચાર વર્ષે UNWGICનું આયોજન કરે છે.
- તેનો ઉદ્દેશ સભ્ય દેશો અને ભૌગલિક માહિતી વ્યવસ્થાપન અને ક્ષમતાઓમાં સંબંધિત હિતધારકો વચ્ચે આતંરરાષ્ટ્રીય સહકાર વધારવાનો છે.

નોંધ : (1) જીઓસ્પેશિયલ ટેક્નોલોજી એ આધુનિક સાધનોની શ્રેણીને વર્ણાવવા માટે વપરાતો શબ્દ છે જે પૃથ્વી અને માનવ સમાજના ભૌગોલિક મેપિંગ અને વિશ્લેષણમાં ફાળો આપે છે.

(2) ભૌગોલિક શબ્દ એ તકનીકોના સગ્રંહનો સંદર્ભ આપે છે જે ભૌગોલિક માહિતી એકત્રિત, વિશ્લેષણ, સંગ્રહ, વ્યવસ્થાપન, વિતરણ, સંકલિત અને પ્રસ્તુત કરવામાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ' 'International Day for Disaster Reduction' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર (C)

2. તાજેતરમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક 2022' (ઓક્ટોબર, 2022)ની નવીનતમ આવૃત્તિ બહાર પાડી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. IMF દ્વારા વર્ષ 2022 માટે ભારતના GDP ગ્રોથનો અંદાજ ઘટાડીને 6.8 ટકા કરવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક વૃદ્ધિ 2021માં 6% થી ઘટીને 2022માં 3.2% અને 2023માં 2.7% થવાનો અંદાજ છે.
3. આ રિપોર્ટ અનુસાર યુરોપ ક્ષેત્રમાં મંદી 2023માં વધુ ઊંડી થવાની ધારણા છે.
4. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક ફુગાવો વર્ષ 2021માં 4.7% થી વધીને 2022માં 8.8% થવાનો અંદાજ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

3. તાજેતરમાં બીજી United Nations World Geospatial Information Congrss (UNWGIC) નું ઉદ્‌ઘાટન ________ સ્થળે 'જીઓ–એનેબલિંગ ધ વિલેજ : નો શૂડ બી લેફ્ટ બિહાઈન્ડ' વિષય હેઠળ કરવામાં આવ્યું હતું.

(A) હૈદરાબાદ (B) મુંબઈ (C) પૂણે (D) લખનૌ (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય ઇ-વેસ્ટ દિવસ
## (2) વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ (World Standards Day)

### વિશ્વ માનક દિવસ

'વિશ્વ માનક દિવસ' અથવા 'વિશ્વ માપદંડ દિવસ' (World Standards Day) સમગ્ર વિશ્વમાં 14 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ આંતરરાષ્ટ્રીય માપદંડના સ્વરૂપમાં પ્રકાશિત સ્વૈચ્છિક તકનીકી કરારો બનાવવા માટે ઘણા નિષ્ણાતોના પરસ્પર અને સહયોગી પ્રયાસોને સન્માનિત કરવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકો, નિયમનકારો અને ઉદ્યોગમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાને પ્રમાણિત કરવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ દિવસ 1946માં લંડનમાં યોજાયેલી 25 દેશોના પ્રતિનિધિઓની પ્રથમ બેઠકને ચિહ્નિત કરે છે. જેમણે માનકીકરણની સુવિધા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થા બનાવવાનું નક્કી કર્યું હતું.
- વિશ્વ માનક દિવસનું આયોજન સૌપ્રથમ વર્ષ 1970માં કરવામાં આવ્યું હતું.

નોંધ : ભારતમાં વસ્તુ અને તેના સંબંધિત પ્રવૃત્તિઓના માનકીકરણ, માર્કિંગ અને ગુણવત્તા જેવી પ્રવૃત્તિઓના સુમેળભર્યા વિકાસની દેખરેખ માટે 'ભારતીય માનક બ્યુરો (BIS)ની સ્થાપના કરવામાં આવી હતી.

## પૂર્વોત્તર-ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી વિકાસ પહેલ (PM-Devine)

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે પૂર્વોત્તર ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી વિકાસ પહેલ (Prime Minister's Development Iniative for North East Region - PM-Devine) નામની નવી યોજનાને મંજૂરી આપી છે.

- નોર્થ ઈસ્ટર્ન રિજન (NER)માં વૃદ્ધિના અંતરને પૂરવા માટે કેન્દ્રીય બજેટ 2022-23માં PM-Devineની જાહેરાત કરવામાં આવી છે.

### PM-Divine યોજના

તે 100% કેન્દ્રીય ધિરાણ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

- PM-Devine યોજનામાં 2022-23 થી 2025-26 (15મા નાણાપંચના સમયગાળાના બાકીના વર્ષો)ના ચાર વર્ષના સમયગાળામાં રૂ.6,600 કરોડનો ખર્ચ થશે.

- આ યોજના ઉત્તર–પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય દ્વારા પૂર્વોત્તર પરિષદ અથવા કેન્દ્રીય મંત્રાલયો/એજન્સી દ્વારા અમલમાં મુકવામાં આવશે.
- આ યોજનાના ઉદ્દેશ નીચે મુજબ છે :

(a) PM ગતિ શક્તિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સમાવિષ્ટપણે ભંડોળ પૂરું પાડવું.

(b) NER દ્વારા અનુભવાતી જરૂરિયાતોને આધારે સામાજિક વિકાસ પ્રોજેક્ટ્સને સમર્થન આપવું.

(c) યુવાનો અને મહિલાઓ માટે આજીવિકાની પ્રવૃત્તિઓ સક્ષમ કરવી

(d) વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિના તફાવતને પૂરો કરવો

## બેટી બચાવો બેટી પઢાઓ યોજનામાં સુધારો

કેન્દ્ર સરકારે તેની મુખ્ય યોજના 'બેટી બચાવો બેટી પઢાઓ'ના આદેશને વિસ્તારતા, છોકરીઓને બિન–પરંપારગત આજીવિકા (NTL) વિકલ્પોમાં સામેલ કરવાની જાહેરાત કરી છે.

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે (MW & CD)એ બિન–પરંપરાગત આજીવિકામાં કન્યાઓ માટે કૌશલ્ય પર રાષ્ટ્રીય પરિષદમાં કન્યાઓને સશક્ત બનાવવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલનના મહત્વ પર ભાર મૂક્યો છે.

### બેટી બચાઓ બેટી પઢાઓ યોજનામાં સુધારો

સુધારેલી 'બેટી બચાવો બેટી પઢાઓ' યોજનાના કેટલાક નવા ઉદ્દેશ્યોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(a) માધ્યમિક સ્તરે નોંધણીમાં 1% વધારો સુનિશ્ચિત કરવો, ખાસ કરીને STEM (વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગણિત) વિષયોમાં.

(b) છોકરીઓ અને મહિલાઓને દર વર્ષે કૌશલ્ય પ્રદાન કરવું (મુખ્યત્વે બિન–પરંપરાગત આજીવિકામાં).

(c) સુરક્ષિત માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવી.

(d) બાળ લગ્ન સમાપ્ત કરવાની ઘોષણા

### યોજનામાં અન્ય ફેરફારો

મહિલા અને બાળ મંત્રાલયે છોકરીઓને સશક્ત બનાવવા માટે ગુણવતાયુક્ત શિક્ષણ (વ્યાવસાયિક સહિત) પ્રદાન કરવા માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન પર પણ ભાર મુક્યો હતો.

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને કૌશલ્ય વિકાસ અને આંત્રપ્રિન્યોરશિપ અને લઘુમતી બાબતોના મંત્રાલયો વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેથી કિશોરો તેમનું શિક્ષણ પૂરું કરે, કૌશલ્ય નિર્માણ કરે અને વિવિધ વ્યવસાયોમાં કાર્યબળમાં પ્રવેશ કરે.

- મોટા મિશન શક્તિ હેઠળ રચાયેલ સેક્રેટરી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળની રાષ્ટ્રીય સમિતી, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે 'બેટી બચાવો બેટી પઢાઓ' યોજનાના અમલીકરણની સમીક્ષા કરશે.

નોંધ : (1) બેટી બચાઓ બેટી પઢાઓ યોજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 22 જાન્યુઆરી, 2015ના રોજ લૈંગિક પસંદગીયુક્ત ગર્ભપાત અને બાળ જાતિના ગુણોત્તરને સંબોધવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી હતી.

(2) તે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની સંયુક્ત પહેલ છે.

(3) 'બિન–પરંપરાગત આજીવિકા' (NTL) ક્ષેત્રો અને નોકરીઓ, જ્યા મહિલાઓની ભાગીદારી ઐતિહાસિક રીતે ઓછી અથવા ગેર હાજર રહી છે. ઉદાહરણ તરીકે STEM વિષયોમાં લિંગ–આધારિત વર્ગીકરણને કારણે મહિલાઓની આ ક્ષેત્રમાં ઓછી ભાગીદારી જોવા મળે છે.

## Living Planet Report 2022

લિવિંગ પ્લેનેટ રિપોર્ટ 2022માં વૈશ્વિક વન્યજીવનની વસ્તીમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે.

- લિવિંગ પ્લેનેટ રિપોર્ટ 2022 એ વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ અને ઝુઓલોજિકલ સોસાયટી ઓફ લંડનનો સંયુક્ત પ્રયાસ છે.

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

આ રિપોર્ટ અનુસાર છેલ્લા 50 વર્ષોમાં વિશ્વભરમાં સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, ઉભયજીવીઓ, સરિસૃપો અને માછલીઓની વસ્તીમાં 69%નો ઘટાડો થયો છે.

- લેટિન અમેરિકા અને કેરેબિયન પ્રદેશોમાં વન્યજીવનની વસ્તીમાં સૌથી મોટો ઘટાડો (94%) થયો છે.
- આફ્રિકાએ 1970-2018ની વચ્ચે તેની વન્યજીવ વસ્તીમાં 66% નો ઘટાડો નોંધયો હતો, જ્યારે એશિયા–પેસિફિક પ્રદેશમાં 55% નો ઘટાડો નોંધાયો હતો.
- વૈશ્વિક સ્તરે તાજા પાણીની પ્રજાતિઓની વસ્તીમાં 83 ટકાનો ઘટાડો થયો છે.
- આવાસની ખોટ અને સ્થળાંતર અવરોધો મોનિટર કરવામાં આવી રહેલી સ્થળાંતર માછલીની પ્રજાતિઓના જોખમો માટે જવાબદાર હતા.
- લિવિંગ પ્લેનેટ ઈન્ડેક્સ (LPI) અનુસાર, વિશ્વના ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં કરોડરજ્જુના વન્યજીવોની વસતી ખાસ કરીને આશ્ચર્યજનક દરે ઘટી રહી છે.
- જળચર ઉચ્છેર, કૃષિ અને દરિયાકાંઠાના વિકાસને કારણે મેન્ગ્રોવનું નુકસાન દર વર્ષે 0.13% ના દરે ચાલુ રહે છે.

- <u>ભારત અને બાંગ્લાદેશ</u>માં લગભગ <u>137 ચોરસ કિલોમીટર</u> સુંદરવન મેન્ગ્રોવ જંગલ 1985થી નાશ પામ્યુ છે, જેના કારણે ત્યાં રહેતા 20 મિલિયન લોકોમાંથી ઘણા લોકો માટે જમીન અને ઈકોસિસ્ટમ સેવાઓમાં ઘટાડો થયો છે.

નોંધ : (1) વન્યોજીવોની વસતીમાં <u>69%</u> નો ઘટાડો થયો છે આનો અર્થ એ નથી કે વિશ્વભરમાં 69 ટકા વ્યક્તિગત પ્રાણીઓમાં ઘટાડો થયો છે. આ અહેવાલ પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓની વસતીના કદમાં ફેરફારની સરેરાશ દર્શાવે છે... ખોવાયેલા જીવોની સંખ્યામાં નહીં.

(2) <u>વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ ફોર નેચર (WWF)</u> એ વિશ્વની અગ્રણી સંરક્ષણ સંસ્થા છે અને 100થી વધુ દેશોમાં કાર્યરત છે.

(3) તેની સ્થાપના <u>વર્ષ 1961</u>માં કરવામાં આવી હતી. અને તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના ગ્લેન્ડમાં છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય ઈ–વેસ્ટ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર (C)

2. 'વિશ્વ માનક દિવસ' અથવા તો 'World Standards Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર (C)

3. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે પૂર્વોત્તર ક્ષેત્ર માટે 'પ્રધાનમંત્રી વિકાસ પહેલ (PM-Devine) નામની નવી યોજનાને મંજૂરી આપી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તે 100% કેન્દ્રીય ધિરાણ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
2. PM-Devine યોજનામાં 2022-23 થી 2025-26 (15માં નાણાપંચના સમયગાળાના બાકીના વર્ષો)ના ચાર વર્ષના સમયગાળામાં રૂ. 6,600 કરોડનો ખર્ચ થશે.
3. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ PM ગતિશક્તિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સમાવિષ્ટપણે ભંડોળ પૂરુ પાડવું, NER દ્વારા અનુભવાતી જરૂરિયાતોને આધારે સામાજિક વિકાસ પ્રોજેક્ટ્સને સમર્થન આપવું, યુવાનો અને મહિલાઓ માટે આજીવિકાની પ્રવૃત્તિઓ સક્ષમ કરવી વગેરે છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનામાં સુધારો કર્યો છે. આ સુધારાના મુખ્ય ઉદ્દેશમાં નીચેના પૈકી કયા વિધાનનો સમાવેશ થાય છે ?
1. માધ્યમિક સ્તરે નોંધણીમાં 1% વધારો સુનિશ્ચિત કરવો, ખાસ કરીને STEM (વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગણિત) વિષયોમાં
2. સુરક્ષિત માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવી.
3. દર મહિને છોકરીઓના બેંક ખાતામાં 700 રૂપિયા જમા કરાવવા.
4. બાળ લગ્ન સમાપ્ત કરવાની ઘોષણા.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

5. Living Planet Report 2022 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ રિપોર્ટ વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ અને ઝુઓલોજિલ સોસાયટી ઓફ લંડનનો સંયુક્ત પ્રયાસ છે.
2. આ રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, ઉભયજીવીઓ, સરિસૃપો અને માછલીઓની વસતીમાં 69%નો ઘટાડો થયો છે.
3. લેટિન અમેરિકા અને કેરેબિયન પ્રદેશોમાં વન્યજીવનની વસતીમાં સૌથી મોટો ઘટાડો થયો છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 15 ઓક્ટોબર, (1) વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Student's Day)
(2) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ (International Day of Rural Women)
(3) ગ્લોબલ હેન્ડવોશિંગ ડે

## વિશ્વ વિદ્યાર્થી દિવસ



ભારતમાં ડો. એ.પી.જે અબ્દુલ કલામનો જન્મ દિવસ 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે.

- એવું કહેવાય છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010માં આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- પરંતુ વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા 'World Stundents Day' નામના કોઈ દિવસની ઉજવણી કરવામાં આવતી જ નથી.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 15 ઓક્ટોબરના રોજ ફક્ત 'International Day of Rural Women'ની જ ઉજવણી કરવામાં આવે છે, 'World Student's Day'ની નહીં.
- આ ઉપરાંત 15 ઓક્ટોબરના રોજ ફક્ત ભારતમાં જ 'વિશ્વ વિદ્યાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન તરીકે જાણીતા ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર, 1931ના રોજ તમિલનાડુના રામેશ્વરમ ખાતે થયો હતો.
- ડો. એ.પી.જે અબ્દુલ કલામનું પૂરું નામ 'અબુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ' હતું.
- મિસાઈલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાનના કારણે તેઓ 'મિસાઈલ મેન' તરીકે જાણીતા હતા.
- તેમણે ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે વર્ષ 2002 થી 2007 સુધી સેવા આપી હતી.
- રાષ્ટ્ર નિર્માણના તેમના પ્રયત્નો બદલ તેમને 'ભારત રત્ન' (1997), 'પદ્મ ભૂષણ' (1981), 'પદ્મ વિભૂષણ' (1990)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

INSTITUTE FOR COMPE...

## ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં પસાર થયેલા બિલ

તાજેતરમાં 14મી ગુજરાત વિધાનસભાનું સત્ર મળ્યું હતું. જેમાં કેટલાક વિધેયકો અથવા બિલ પસાર થયા છે જે નીચે મુજબ છે.

### ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (સુધારા) વિધેયક

તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન)(સુધારા) વિધેયક, 2022' રજૂ થયું હતું.

- આ વિધેયક ઉપરની ચર્ચા દરમિયાન ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), 2003' કાયદો રાજ્યમાં રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી બાદ જૂન 2003થી ગુજરાતમાં અમલમાં છે.
- 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક, 2022' વિધાનસભામાં સર્વાનુમતે પસાર થયું હતું.
- ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) 2003ના કાયદા અંતર્ગત કલમ-17 અને 65 હેઠળ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના કાર્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે.
- તથા નામદાર આયોગ આ કાયદા અને વીજ અધિનિયમ-2003 અંતર્ગત વિનિયમો કરી શકે છે અને ઘડે છે.
- ભારત સરકાર દ્વારા 'Ease of Doing Business Program' અન્વયે, વીજ કંપનીઓ તથા વીજ ઉદ્યોગમાં પણ નવા આયામના સમાવેશના ભાગ રૂપે, 2003ના અધિનિયમ અંતર્ગતની જોગવાઈ અને નિયમોના ભંગ બદલ જેલની સજાનું પ્રવધાન ન સૂચવતા માત્ર ગંભીર પ્રકારના કૃત્યો માટે જેલની સજાનું પ્રાવધાન કરવાની બાબત વિચારણામાં લેવા સૂચન કરવામાં આવ્યું હતું.
- મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન-2022'ની કેટલીક વિગતો આપી હતી જે નીચે મુજબ છે :

(a) આ એક્ટની કલમ 54માં લાયસન્સની અને અન્ય વ્યક્તિ દ્વારા, ઉક્ત કાયદાની જોગવાઈ અથવા તે અંતર્ગત બનાવાયેલા નિયમો તથા તેની સૂચનાઓની જરૂરી પૂર્તતા કે ભંગ બદલ, કોઈપણ જાતના વાજબી કારણ વિના જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ જતા જો દોષિત ઠરે તો ત્રણ માસ સુધીની જેલની સજા અથવા મહત્તમ રૂપિયા બે લાખ સુધી અથવા બંનેની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

(b) અને આવી જોગવાઈઓનો ભંગ ચાલુ રહે, તો નિયમની અમલવારીના દોષિત થયાના પહેલા દિવસથી રોજના રૂ. 10,000 લેખે દંડની જોગવાઈ કરવામાં આવી છે.

(c) આ જોગવાઈ, કાયદાની જોગવાઈ અને તેના હેઠળ ઘડાયેલા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે.

(d) વિનિયમો સંચાલકીય (Operational) પ્રકારના અથવા કાર્યપદ્ધતિ (Procedural) સંબંધિત છે. અથવા તો વીજચોરી, વીજ માલ–સામાનની ચોરી અને વીજતંત્ર સાથે ચેડા વગેરેના છે.

(e) રાજ્ય સરકાર દ્વારા કાયદાના પાલનમાં સરળીકરણ કરવાના હેતુથી તથા ગંભીર પ્રકારની જ જોગવાઈના ભંગ બદલ, જેલની સજાની જોગવાઈ આખરી કરવાનો નિર્ણય કર્યો છે.

## ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા) વિધેયક, 2022

તાજેતરમાં 'ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા) વિધેયક, 2022' ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

- શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યુ હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારથી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અધિનિયમ, 2003થી ગાંધીનગર ખાતે GNLUની સ્થાપના કરવામાં આવી હતી.
- આ યુનિવર્સિટી ભારતમાં કાયદાકીય સંશોધનની અગ્રણી સંસ્થા તરીકે સ્થાપિત થયેલ છે.
- 2003ના અધિનિયમ અંતર્ગત ગુજરાત રાજ્યની બહાર કેમ્પસ ઊભુ કરવાની કોઈ સત્તા આપતી જોગવાઈ ન હતી.
- આથી, આ અધિનિયમની કલમ 3માં સુધારો કરવો જરૂરી હતો જેથી ગુજરાત રાજ્યની અંદર અથવા બહાર આવેલા સ્થળોએ વધારાના કેમ્પસ સ્થાપી શકાય.
- હવેથી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) હવે તેનો વ્યાપ વધારવા તેના નિયંત્રણ હેઠળનું રાજ્ય અને રાજ્ય બહાર વધારાનું કેમ્પસ સ્થાપી શકશે.

## ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક

તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક પસાર થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાત વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક રજૂ કરતા ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું ગુજસીટોક કાયદાની જોગવાઈઓમાં વિસંગતતા દૂર કરવા માટે રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડ્યો હતો અને તેને કાયદાનું સ્વરૂપ આપવા માટે આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે.
- ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ વર્ષ 2015થી રાજ્યમાં અમલ છે.
- આ અધિનિયમના અમલ દરમિયાન કોઈપણ જોગવાઈનું રાજ્યમાંની વ્યક્તિઓને બિનજરૂરી મુશ્કેલીમાં મૂકે તેવું ખોટું અર્થઘટન ન થાય તેમજ અમુક જોગવાઈઓ વધુ અર્થપૂર્ણ બનાવવા અને તેનું સરળ અર્થઘટન કરવા માટે સરકારે આ અધિનિયમની કલમ-2ની પેટા કલમ (1) નો ખંડ (ચ), કલમ 4 અને કલમ 20ની પેટા–કલમ (5) માં સુધારા કર્યા છે.
- નવી જાગવાઈ મુજબ કલમ-2ની પેટા કલમ (1)ના ખંડ (ચ)માં 'ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રાક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાઈબર ગુના, મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા, વૈશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ) અથવા બાનની રકમ લેવા સહિતની તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્ય ચાલુ રાખવુ તે .... આ શબ્દને બદલે ....
'ખંડણી જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રાક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભિર પરિણામોવાળા સાયબર ગુના, વૈશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખવી તે' એ શબ્દો મુકવામાં આવ્યા છે.
- આ અધિનિયમની કલમ-4માં 'અથવા કોઈપણ સમયે' એ શબ્દોના બદલે.. 'અથવા આ અધિનિયમના આરંભની તારીખ પછી કોઈપણ સમયે' એ શબ્દો મુકવામાં આવ્યા છે.
- તેમજ મુખ્ય અધિનિયમમાં કલમમાં પેટા–કલમ (5)માં 'ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા બીજા અધિનિયમ હેઠળના' શબ્દોને બદલે 'ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ હેઠળના' શબ્દનો ઉપયોગ કરાશે.
- આ સુધારા વિધેયક વિધાનસભામાં સર્વસંમતીથી પસાર કરાયુ હતું.

## સાયબર સિક્યોરિટી એક્સરસાઇઝ PowerEx - 2022 યોજાઈ

CERT - In અને Power - CSIRTએ તાજેતરમાં PowerEx નામની સાયબર સુરક્ષા કવાયત હાથ ધરી હતી.

- સાયબર સિક્યોરિટી એક્સરસાઈઝ 'PowerEx' સંયુક્ત રીતે ભારતીય કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT - In) અને Power - CSIRTs (પાવર સેક્ટરમાં કમ્પ્યુટર સિક્યુરિટી ઈન્સિડન્ટ રિસ્પોન્સ ટીમ) દ્વારા ડિઝાઈન અને આયોજિત કરવામાં આવી હતી.

- **CERT - In**એ તેના સિમ્યુલેશન પ્લેટફોર્મ પર સાયબર સુરક્ષા કવાયતનું આયોજન કર્યુ હતું.
- આ કાર્યક્રમમાં વિવિધ પાવર સેક્ટર યુટિલિટીઝના 300થી વધુ અધિકારીઓએ ભાગ લીધો હતો.
- આ સાયબર સુરક્ષા કવાયતનો મુખ્ય ઉદ્દેશ 'આઈટી અને ઓટી સિસ્ટમ્સમાં સાયબર ઘટનાઓને ઓળખવા, વિશ્લેષણ કરવા અને પ્રતિસાદ આપવાનો' છે.
- આ અભ્યાસ અથવા કવાયતની થીમ '**Defending cyber induced disruption in IT & OT infrastructure**' છે.

નોંધ : (1) ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT - In)ની સ્થાપના 2004માં ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000ની કલમ 70 B હેઠળ કરવામાં આવી હતી.

(2) તે યુનિયન મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના નેજા હેઠળ આવે છે.



1. ભારતમાં 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. એ.પી.જે.અબ્દુલ કલામ

(C) શ્રી લાલ બહાદૂર શાસ્ત્રી (D) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (B)

3. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ગ્રામિણ મહિલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

4. 'ગ્લોબલ હેન્ડવોશિંગ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

5. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાંથી સર્વાનુમતે 'ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા), વિધેયક, 2022' પસાર થયું હતું. આ અધિનિયમે કયા જૂના અધિનિયમમાં સુધારા સૂચવ્યા છે ?

(A) ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), 2003

(B) ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), 2001

(C) ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), 1998

(D) ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), 1993 (A)

6. સાયબર સિક્યોરિટી એક્સરસાઈઝ PowerEx - 2022 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) CERT - In અને Power - CSIRT દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવી હતી.

(B) આ કવાયતનો ઉદ્દેશ 'આઈટી અને ઓટી સિસ્ટમ્સમાં સાયબર ઘટનાઓને ઓળખવા, વિશ્લેષણ કરવા અને પ્રતિસાદ આપવાનો' છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **વિશ્વવિખ્યાત IBMની સોફ્ટવેર લેબનો ગિફ્ટ સિટીમાં શુભારંભ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિફ્ટ સિટીના પ્રેસ્ટિજ ટાવરમાં કાર્યરત થઈ રહેલી IBM સોફ્ટવેર લેબનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ગિફ્ટ સિટીમાં કાર્યરત થઈ રહેલી IBMની સોફ્ટવેર લેબ ક્લાઉડ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ગુજરાતમાં સ્કીલ્ડ મેનપાવર તૈયાર કરવામાં નવું બળ પૂરું પાડશે. આ લેબ ઉચ્ચ ગુણવતાયુક્ત કૌશલ્ય નિર્માણને વેગ આપશે. અને ગુજરાતના કુશળ યુવા આઈટી પ્રોફેશનલ્સ માટે નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે.

➤ **શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ**

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી નિમાબેન આચાર્ય દ્વારા વર્ષ 2021 માટે શ્રી જિતેન્દ્રભાઈ સુખડીયા અને વર્ષ 2022 માટે શ્રી શૈલેશભાઈ પરમારને શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. દેશની સંસદના બંને ગૃહો રાજ્યસભા અને લોકસભાના સભ્યોને તેમની સંસદસભ્ય તરીકેની ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે આઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટ્રિયન એવોર્ડ આપવામાં આવે છે. તેવી જ રીતે ગુજરાત રાજ્યમાં પણ ઉત્કૃષ્ટ અને આદર્શ ધારાસભ્યની વિધાનસભા ગૃહમાં કામગીરીની કદર થાય તથા ધારાસભ્યો તેઓના કામ પ્રત્યે વધારે સજાગ બને તે માટે ગુજરાત વિધાનસભામાં પણ 'શ્રેષ્ઠ ધારાસભ્ય' એવોર્ડથી નવાજવાની ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

## ભારત

➤ **કેન્દ્ર સરકારે ચીત્તા ટાસ્ક ફોર્સની રચના કરી**

કેન્દ્ર સરકારે કુનો નેશનલ પાર્ક અને અન્ય નિયુક્ત વિસ્તારોમાં ચિત્તા પરિચય પ્રોજેક્ટની દેખરેખ માટે ટાસ્ક ફોર્સની રચના કરી છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે આ ટાસ્ક ફોર્સની રચના કરી છે. ચિત્તા ટાસ્ક ફોર્સની કામગીરીને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દ્વારા સુવિધા આપવામાં આવશે. આ ટાસ્ક ફોર્સ 2 વર્ષના સમયગાળા માટે કાર્યરત રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **સ્વદેશી રીતે વિકસિત વિશેષ ઉડ્ડયન બળતણ AVGAS 100 LL લોન્ચ કરવામાં આવ્યું**

ભારત સરકાર દ્વારા સ્વદેશી રીતે વિકસિત વિશેષ ઉડ્ડયન બળતણ AVGAS 100 LL લોન્ચ કરવામાં આવ્યું હતું. AVGAS 100 LL પિસ્ટન એન્જિનવાળા એરક્રાફ્ટ અને માનવરહીત હવાઈ વાહનો માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યું હતું. તેનો ઉપયોગ સ્પાર્ક – ઈગ્નીશન પિસ્ટન એન્જિન સાથે એરક્રાફ્ટને પાવર કરવા માટે થાય છે, જેમાં એર–ઈંધણ મિશ્રણની કમ્બશન પ્રક્રિયા સ્પાર્ક પ્લગમાંથી સ્પાર્ક દ્વારા સળગાવવામાં આવે છે. આ સ્વદેશી રીતે વિકસિત બળતણ ઉચ્ચ ઓક્ટેન નંબર બ્લુ એવિએશન ગેસોલિન છે. IOCનું નવું વિકસિત ઉડ્ડયન ઈંધણ ભારતના ઉડ્ડયન ઉદ્યોગોની જરૂરિયાતોને પૂરી પાડશે. જેમાં એરક્રાફ્ટની સંખ્યામાં વધારાને ધ્યાનમાં રાખીને એરપોર્ટની સંખ્યા વધી છે. તેનું ઉત્પાદન ગુજરાતના વડોદરામાં ઈન્ડિયન ઓઈલની રિફાઈનરીમાં કરવામાં આવશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવ્યું છે.

➤ **જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ ભારતના 50મા મુખ્ય ન્યાયાધીશ બનશે.**

જસ્ટિસ શ્રી ધનંજય યશવંત ચંદ્રચુડ નવેમ્બર 2022માં ભારતના 50મા મુખ્ય ન્યાયાધીશ બનશે. ભારતના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ શ્રી યુ.યુ.લલિતએ તેમના નામની જાહેરાત કરી છે. સરકારને મુખ્ય ન્યાયાધીશની ભલામણથી ભારતના 50મા મુખ્ય ન્યાયાધીશની નિમણૂક પ્રક્રિયા શરૂ થશે. જો આ નિમણૂકને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવશે તો જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ ભારતના પ્રથમ બીજી પેઢીના મુખ્ય ન્યાયાધીશ હશે. તેમના પિતા વાય.વી.ચંદ્રચુડ ભારતના 16મા મુખ્ય ન્યાયાધીશ હતા.

➤ **17મો પ્રવાસી ભારતીય સંમેલનની વેબસાઈટ બહાર પાડવામાં આવી**

ભારતના વિદેશમંત્રી ડો.એસ.જયશંકરે 13 ઓક્ટોબર, 2022ના રોજ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને વિદેશ મંત્રી શ્રી વી. મુરલીધરન સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 17મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનની વેબસાઈટ બહાર પાડી હતી. 17મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન જાન્યુઆરી 2023મા મધ્યપ્રદેશના ઈન્દોરમાં યોજાશે. પ્રવાસી ભારતીય દિવસ દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ટેલિ - માનસ પહેલ**

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (10 ઓક્ટોબર)ના અવસર પર ભારત સરકારે ટેલિ–માનસ પહેલ શરૂ કરી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ટેલિ મેન્ટલ હેલ્થ આસિસ્ટન્સ એન્ડ નેટવર્કિંગ અક્રોસ સ્ટેટ્સ (ટેલિ–માનસ) પહેલ સમગ્ર ભારતમાં માનસિક સ્વાસ્થ્ય સંભાળની પહોંચ વધારવાના હેતુથી ચોવીસ કલાક માનસિક સ્વાસ્થ્ય સેવા છે. ટેલિ–માનસ સમગ્ર દેશમાં માનસિક સ્વાસ્થ્ય સંભાળની એક્સેસને પ્રોત્સાહન આપશે, રાષ્ટ્રવ્યાપી નેટવર્ક પરામર્શ, નિષ્ણાત પરામર્શ અને ઈ–પ્રિસ્ક્રિપ્શન પ્રદાન કરશે. આ પહેલની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા 2022-23ના બજેટ દરમિયાન કરવામાં આવી હતી. શરૂઆતમાં આ સેવા 20 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ કરવામાં આવશે. આ માનસિક સ્વાસ્થ્ય સેવા હેલ્પલાઈન નંબર 14416 અને 1-800-91-4416 છે. ટેલિ–માનસ પહેલ રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ અને જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમની ડિજિટલ શાખા હશે. તેના અમલીકરણ માટે નોડલ કેન્દ્ર નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સ છે. આ પહેલ માટે ટેકનિકલ સપોર્ટ IIT બોમ્બે દ્વારા આપવામાં આવશે.

## વિશ્વ

➤ **બુર્કિના ફાસોમાં લશ્કરી બળવો**

તાજેતરના બળવાના પરીણામે વચગાળાના રાષ્ટ્રપતિ શ્રી પૌલ–હેનરી સેન્ડોગો દામિબાની હકાલપટ્ટી કરવામાં આવી હતી અને સેનાના કપ્તાન ઈબ્રાહિમ ટ્રૌરે શાસન પર નિયંત્રણ મેળવ્યું હતું. બુર્કિના ફાસો પશ્ચિમ આફ્રિકામાં સ્થિત લેન્ડલોક દેશ છે. તેની રાજધાની ઔગાડોગૌ છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર બુર્કિના ફાસો એ થોડા પશ્ચિમ આફ્રિકન દેશોમાંનો એક છે જે ભૂખના 'ભયજનક સ્તર'નો સામનો કરી રહ્યા છે.

➤ **NATO Steadfast Noon પરમાણુ યુદ્ધ અભ્યાસનું આયોજન કરશે.**

રશિયા સાથે વધતા તણાવ વચ્ચે નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશનના સભ્યો 'સ્ટેડફાસ્ટ નૂન' નામની પરમાણુ કવાયત હાથ ધરવાનું આયોજન કરી રહી છે. સ્ટેડફાસ્ટ નૂન કવાયત દર વર્ષે યોજવામાં આવશે અને એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલશે. તેમાં પરમાણુ શસ્ત્રો લઈ જવામાં સક્ષમ ફાઈટર એરક્રાફ્ટની ભાગીદારી સામેલ હશે. જો કે તેમાં કોઈ જીવંત બોમ્બ સામેલ નથી. નાટોના 30 માંથી 14 સભ્યો આ કવાયતમાં ભાગ લેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **UAEના નવા વિઝા નિયમો**

તાજેતરમાં યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)એ પ્રવાસીઓ તેમજ યુએઈમાં કામ કરવા અને રહેવા ઈચ્છતા લોકોને આકર્ષવા માટે નવા વિઝા નિયમો જાહેર કર્યા છે. વિઝાની ત્રણ શ્રેણીઓ છે. એન્ટ્રી વિઝા, ગ્રીન વિઝા અને ગોલ્ડન વિઝા. એન્ટ્રી વિઝા અથવા પ્રવાસી વિઝા હવે દેશમાં એક અથવા વધુ મુલાકાતો માટે ઉપલબ્ધ થશે, જે હવે પહેલાના 30 દિવસને બદલે 60 દિવસ માન્ય રહેશે. ગ્રીન વિઝા એ રિન્યુએબલ–રેસિડેન્સ વિઝાનો એક પ્રકાર છે. જે વિદેશીઓને યુએઈમાં પાંચ વર્ષ સુધી રહેવા અથવા નોકરી કર્યા વિના રહેવા માટે હકદાર બનાવે છે. તેનો ઉપયોગ અગાઉના નિવાસ વિઝાની જગ્યાએ થાય છે જે ફક્ત બે વર્ષ માટે માન્ય હતો. ગોલ્ડન વિઝા ધારકોને 10 વર્ષ સુધીના લાંબા સમયગાળાના રિન્યુએબલ રેસીડેન્સી વિઝા ઓફર કરે છે. ગોલ્ડન વિઝા માટે લાયક લોકોમાં રોકાણકારો, ઉદ્યોગસાહસિકો, અસાધારણ પ્રતિભા ધરાવતા વ્યક્તિઓ જેમ કે સંશોધકો, તબીબી વ્યાવસાયિકો તથા વૈજ્ઞાનિક અને જ્ઞાન ક્ષેત્રના લોકો અને ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ અને સ્નાતકનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નોડ સ્ટ્રીમ પાઈપલાઈન**

તાજેતરમાં ડેનમાર્ક અને સ્વીડન નજીક સ્થિત નોડ સ્ટ્રીમ પાઈપલાઈન્સ (નોડ સ્ટ્રીમ 1 અને નોડ સ્ટ્રીમ 2)માં લીક થયું છે. નોર્વેથી પોલેન્ડ સુધી ગેસ વહન કરતી બાલ્ટિક પાઈપના ઔપચારિક પ્રક્ષેપણ પહેલાં આ લીક થયું હતું. નોડસ્ટ્રીમમાં બે પાઈપલાઈન છે, દરેકમાં બે લાઈનો છે. નોડ સ્ટ્રીમ 1 જેનું કાર્ય 2011માં પૂર્ણ થયું હતું, તે લેનિનગ્રાડ (રશિયા)માં વાયબોર્ગથી જર્મનીમાં ગ્રી ફસવાલ્ડ નજીક લ્યુબમિન સુધી ચાલે છે. નોડ સ્ટ્રીમ 2 જે લેનિનગ્રાડમાં ઉસ્ટ–લુગા થઈને લ્યુબમિન પહોંચે છે, તે સપ્ટેમ્બર 2021માં પૂર્ણ થયું હતું અને તે ચાલુ થયા પછી દર વર્ષે 55 બિલિયન ક્યુબિક મીટર ગેસ વહન કરવાની ક્ષમતા ધરાવે છે. આ જુડવા પાઈપલાઈન ઓછામાં ઓછા 50 વર્ષ સુધી યુરોપમાં એકસાથે કુલ 110 બિલિયન ક્યુબિક મીટર (BCM) ગેસનું પરીવહન કરી શકે છે. નોડ સ્ટ્રીમ રશિયા, ફિનલેન્ડ, સ્વીડન, ડેનમાર્ક અને જર્મની સહીતના કેટલાક દેશોના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રો (EEZ)ને પાર કરે છે.

➢ **કોન્ફરન્સ ઓફ ડાયલોગ એન્ડ કોન્ફિડન્સ બિલ્ડીંગ મેઝર્સ (CICA)**

તાજેતરમાં ભારતના વિદેશ મંત્રીએ કઝાકિસ્તાનના 'અસ્તાના'માં કોન્ફરન્સ ઓફ ઈન્ટરેક્શન એન્ડ કોન્ફિડન્સ બિલ્ડીંગ મેઝર્સ–CICAની છઠ્ઠી મંત્રી સ્તરીય બેઠકને સંબોધિત કરી હતી. CICA એ એક આતંર – સરકારી મંચ છે જેનો ઉદ્દેશ્ય પ્રાદેશિક સહયોગને મજબૂત બનાવવા અને એશિયામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે. ભારત તેના સ્થાપક સભ્યોમાંથી એક છે. CICAનું આયોજન કરવાનો સૌપ્રથમ વિચાર 5 ઓક્ટોબર 1992ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 47મા સત્રમાં કઝાકિસ્તાન પ્રજાસત્તાકના પ્રથમ રાષ્ટ્રપતિ નુરસુલતાન નઝરબાયેવ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો. પ્રથમ CICA સમિટ જૂન 2002માં યોજાઈ હતી. CICA સચિવાલય જૂન 2006થી અલ્માટી (કઝાકિસ્તાન)માં સ્થિત છે.

➢ **2022 અસમાનતા ઘટાડવાની પ્રતિબદ્ધતા (CRI) ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો**

અસમાનતા ઘટાડવા માટે પ્રતિબદ્ધતા સૂચકાંક 2022 અથવા CRI ઈન્ડેન્ક્સ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટ અનુસાર ભારતે અસમાનતા ઘટાડવા સુધારો દર્શાવ્યો છે. CRI ઈન્ડેક્સ 161 દેશોની વસતી વચ્ચે અસમાનતા ઘટાડવાની કામગીરીને ટ્રેક કરે છે. ઈન્ડેક્સ દેશોને જાહેર (આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા), કરવેરા અને કામદારોના અધિકારોના ક્ષેત્રોમાં તેમની નીતિઓ અને ક્રિયાઓના આધારે ક્રમાંકિત કરે છે. તે ઓક્સફામ ઈન્ટરનેશનલ અને ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્ટરનેશનલનો સંયુક્ત પ્રોજેક્ટ છે. 2022 માટે નોર્વે ઈન્ડેક્સમાં ટોચ પર છે. તે પછી જર્મની, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, કેનેડા, જાપાન, ડેનમાર્ક અને ન્યુઝિલેન્ડ આવે છે. આ ઈન્ડેક્સમાં ભારત 123મા ક્રમાંકે છે.

➢ **નાસા 2027માં ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ લોન્ચ કરશે.**

શનિ ગ્રહના સૌથી મોટા ચંદ્ર ટાઈટાનના અભ્યાસ માટે યુએસ સ્પેસ એજન્સી દ્વારા 2027માં ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ લોન્ચ કરવામાં આવશે અને 2023માં ટાઈટન પર સેલ્ક ક્રેટર વિસ્તારમાં પહોંચશે. 1000 પાઉન્ડથી ઓછા વજનમાં અવકાશયાન લશ્કરી પરિવહન હેલિકોપ્ટર જેવું જ દેખાશે. તે ટાઈટનની રચનાને સમજવા માટે ડ્રોનની જેમ કામ કરશે. તે શનિના ચંદ્ર પર પ્રથમ વિમાન હશે અને કોઈપણ ચંદ્ર પર પ્રથમ સંપૂર્ણ નિયંત્રિત વાતાવરણીય ઉડાન હશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## ICE ? Questions

- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _______ ના પ્રેસ્ટિજ ટાવરમાં કાર્યરત થઈ રહેલી IBM સોફટવેર લેબનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – ગિફટ સિટી
- ગુજરાત વિધાન સભા દ્વારા વર્ષ 2021 માટે શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ કોને આપવામાં આવ્યો છે ? – શ્રી જિતેન્દ્રભાઈ સુખડિયા
- ગુજરાત વિધાનસભા દ્વારા વર્ષ 2022 માટે શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ કોને આપવામાં આવ્યો છે ? – શ્રી શૈલેશભાઈ પરમાર
- તાજેતરમાં કયા પશ્ચિમ આફ્રિકન દેશમાં લશ્કરી બળવો થયો હતો ? – બુર્કિના ફાસો
- તાજેતરમાં ભારત સરકાર દ્વારા સ્વદેશી રીતે વિકસિત વિશેષ ઉડ્ડયન બળતણ _______ લોન્ચ કરવામાં આવ્યું હતું. – AVGAS 100 LL
- તાજેતરમાં કેન્દ્ર સરકારે કુનો નેશનલ પાર્ક અને અન્ય નિયુક્ત વિસ્તારોમાં ચિત્તા પરિચય પ્રોજેક્ટની દેખરેખ માટે ટાસ્ક ફોર્સની રચના કરી છે. તે કેટલા વર્ષના સમયગાળા માટે કાર્યરત રહેશે ? – 2
- તાજેતરમાં ડેનમાર્ક અને સ્વીડન નજીક સ્થિત _______ પાઈપલાઈન્સમાં લીક થયું હતું. – નોડ સ્ટ્રીમ
- તાજેતરમાં શ્રી યુ.યુ.લલિતે ભારતના 50માં મુખ્ય ન્યાયાધીશ તરીકે કોના નામની ભલામણ કરી છે ? – ડી.વાય.ચંદ્રચુડ
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસના અવસર પર ભારત સરકારે કઈ પહેલ શરૂ કરી છે ? – ટેલિ માનસ
- Steadfast Noon નામના પરમાણુ યુદ્ધ અભ્યાસનું આયોજન કોણ કરશે ? – NATO
- અસમાનતા ઘટાડવા માટે પ્રતિબદ્ધતા સૂચકાંક 2022 અથવા CRI ઈન્ડેક્સ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સમાં ભારત કયા ક્રમે છે ? – 123
- 17મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન જાન્યુઆરી 2023માં _______ માં યોજાશે. – ઈન્દોર
- શનિ ગ્રહના સૌથી મોટા ચંદ્ર ટાઈટનના અભ્યાસ માટે નાસા 2027માં _______ લોન્ચ કરશે. – ડ્રેગનફલાય રોટરક્રાફટ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'રિમ–ઓફ–દ–પેસિફિક (RIMPAC) એક્સરસાઈઝ - 2022' ઓગસ્ટ 2022માં હવાઈ દ્વીપ અને દક્ષિણી કેલિફોર્નિયામાં યોજાઈ હતી. જેમાં કેટલા દેશોએ ભાગ લીધો હતો ? – 27

(આ અભ્યાસની થીમ 'Capable, Adaptive, Partners' હતી.)

2. ભારતીય સેના અને _______ વચ્ચે ઓગસ્ટ 2022માં સંયુક્તમાં લશ્કરી કવાયત 'અલ નજહ - IV'નું આયોજન કરવામાં આવ્યું હતું. – ઓમાન

(આ અભ્યાસની આ ચોથી આવૃત્તિ હતી. આ અભ્યાસ અથવા કવાયતના અવકાશમાં ઔપચારિક સંવાદ, કવાયત અને પ્રક્રિયાઓની પરસ્પર સમજણ, સંયુક્ત કમાન્ડ અને કંટ્રોલ સ્ટ્રક્ચર્સની સ્થાપના અને આતંકવાદી ખતરાઓને દૂર કરવાનો સમાવેશ થયો હતો)

3. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા સ્વચ્છ અમૃત મહોત્સવ અંતર્ગત સ્વચ્છ ટોયકેથોનની શરૂઆત કરવામાં આવી હતી ? – આવાસ અને શહેરી બાબત

(તેને MyGovના ઈનોવેટ ઈન્ડિયા પોર્ટલ પર હોસ્ટ કરવામાં આવ્યું છે. આ પહેલનું નોલેજ પાર્ટનર સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ, IIT ગાંધીનગર છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. _______ નો ઉપયોગ ઘટાડવા માટે સરકાર PM - પ્રણામ એટલે કે કૃષિ વ્યવસ્થાપન યોજના માટે વૈકલ્પિક પોષક તત્વને પ્રોત્સાહન આપવાનું આયોજન કરી રહી છે. – રાસાયણિક ખાતરો

5. તાજેતરમાં ધર્મ પરિવર્તન કરનારા અનુસૂચિત જાતિ (SC)ની સ્થિતિની તપાસ કરવા માટે રચાયેલા કમિશનના વડા કોણ છે ? – જસ્ટિસ કેજી બાલાકૃષ્ણન

6. યુનીસેફના તાજેતરના અહેવાલ મુજબ દક્ષિણપૂર્વ એશિયાના કયા દેશો 10 લાખથી વધુ લોકોને વિસ્થાપિત કર્યા છે ? – મ્યાનમાર

7. કયું કેન્દ્રીય મંત્રાલય 'સ્ટાર્ટઅપ્સ માટે ક્રેડિટ ગેરંટી સ્કીમ' (CGSS) સાથે સંકળાયેલું છે ? – વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

8. કયા સશસ્ત્ર દળ માટે પ્રથમ વખત 'અધિકારીઓ માટે શસ્ત્ર પ્રણાલી વિંગ'ને મંજૂરી આપવામાં આવી છે ? – ભારતીય વાયુસેના

9. તાજેતરમાં દિલ્હીના _______ અભયારણ્યમાં 1940 પછી પ્રથમવાર દીપડા જોવા મળ્યા છે. – અસોલા ભટ્ટી વન્યજીવ અભયારણ્ય

10. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને NTPC દ્વારા સંયુક્ત રીતે બાંધવામાં આવેલા 'વોટર સ્પોર્ટ્સ સેન્ટર'નું કયા રાજ્યમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – હિમાચલ પ્રદેશ

11. કઈ સંસ્થાએ 'એજ્યુકેશન 4.0 ઈન્ડિયા રિપોર્ટ' લોન્ચ કર્યો છે ? – WEF

12. ટેલી–માનસ પહેલ, જે તાજેતરમાં શરૂ કરવામાં આવી હતી. તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – માનસિક સ્વાસ્થ્ય

13. તાજેતરમાં વિશ્વના મહાન મેરેથોન દોડવીર ગણાતા કેન્યાના ________ એ બર્લિન મેરેથોનમાં પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ 30 સેકન્ડથી તોડી નાખ્યો હતો. – એલિયુડ કિપચોગે

14. IMFના તાજેતરના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટ (ઓક્ટોબર 2022) અનુસાર ભારતનું 2022-23 માટે GDPનું અનુમાન શું છે ? – 6.8%

15. યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ જીઓસ્પેશિયલ કોંગ્રેસ (UNWGIC) 2022નું યજમાન શહેર કયું છે ? – હૈદરાબાદ

16. કયા વૈશ્વિક બ્લોકે ક્રિપ્ટો–એસેટ રિપોર્ટિંગ ફ્રેમવર્ક (CARF) બનાવ્યું છે ?
– ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ

17. ભારતીય ઉપખંડમાં સ્થાનિક રીંછની પ્રજાતિઓ વિશે જાગૃતિ લાવવા અને સંરક્ષણ પ્રયાસોને મજબૂત કરવા ________ ના રોજ પ્રથમ વિશ્વ સુસ્તી રીંછ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. – 12 ઓક્ટોબર

18. 'બિન – પરંપરાગત આજિવિકા (NTL)માં છોકરીઓનું કૌશલ્ય' કઈ ફ્લેગશિપ યોજનામાં સામેલ છે ?
– બેટી બચાવો બેટી પઢાઓ

19. 'ધ ટ્રેપિંગ ઝોન'ના પુરાવા કયા દેશમાં મળી આવ્યા છે ? – માલદીવ

20. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે તાજેતરમાં નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફની સ્થાયી સમિતિની ________ મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં વન્યજીવ સંરક્ષણ સંબંધિત વિવિધ નીતિ વિષયક બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. – 70 મી

21. LEADS 2022 લોજિસ્ટિક્સ ઈન્ડેક્સમાં કયું રાજ્ય ટોચ પર છે ? – આંધ્રપ્રદેશ

22. પીટ આઈલેન્ડ,જ્યાં સેંકડો પાઈલટ વ્હેલ મૃત મળી આવી હતી તે કયા દેશમાં આવેલું છે ? – ન્યુઝિલેન્ડ

23. લુપ્તપ્રાય 'સ્લેન્ડર લોરિસ' માટે ભારતનું પ્રથમ અભયારણ્ય કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થાપિત કરવામાં આવશે ? – તમિલનાડુ

24. CSIR-NITI આયોગના અહેવાલ મુજબ સીસાના ઝેરના કારણે કયો દેશ સૌથી વધુ આરોગ્ય અને આર્થિક બોઝ સહન કરે છે ? – ભારત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


Diwali Festival
GOVT JOB
CARNIVAL
જનરલ બેચ
WITHOUT MATERIAL
6 Months
₹ 3499 /-
12 Months
₹ 4999 /-
WITH MATERIAL
6 Months
₹ 6499 /-
12 Months
₹ 7999 /-
50%
OFF
Offer Valid 22/10/22
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Download ICEONLINE Application
93773-01110 (10:00am to 6:00pm)


DIWALI
FESTIVAL
GOVT JOB
CARNIVAL
Achieve
GPSC
Prelim + Mains + Interview
50%
Discount
WITH
MATERIAL
Offer Valid : 22/10/2022
Live+Recorded Batch
1 Year Validity
Download ICEONLINE Application
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93773-01110 (10:00am to 6:00pm)


DIWALI
FESTIVAL
GOVT JOB
CARNIVAL
BUY 1 GET 1
FREE
English Grammar + Maths
Gujarati Grammar + Reasoning
Maths + Reasoning
ગુજરાતના જિલ્લા + ભારતનો ઇતિહાસ
ગુજરાતનો ઇતિહાસ + ભારતની ભૂગોળ
ગુજરાતનો વારસો + ભારતનો વારસો
સામાન્ય વિજ્ઞાન + ગણિત
₹ 299
2 MONTHS VALIDITY
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Download ICEONLINE Application
93773-01110 (10:00am to 6:00pm)


DIWALI
FESTIVAL
GOVT JOB
CARNIVAL
BUY 1 GET 2
FREE
COMBO - 1
Maths + Reasoning + Science
COMBO - 2
Gujarati Grammar + English Grammar + Science
COMBO - 3
Gujarati Grammar + English Grammar + Maths
₹ 399
2 MONTHS VALIDITY
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Download ICEONLINE Application
93773-01110 (10:00am to 6:00pm)

# Happy Diwali

**50% OFF** **50% OFF**

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




50% OFF **TET TAT** New Course **LIMITED DISCOUNT** Rs. 1499 /- 3000 /-

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

## Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT